દંત ઉતારી પ્રમાર્જનાજી, તે શુભ નિર્મલ બોધ—સુહંકર૦ ૨

જે કોઇ પાર્શ્વતણા ગુણ ગાશેરે, ભવભવનાં પાતક જાશે રે;
તેના સમક્તિ નિરમળ થાશે–અહો૦ ૫
પ્રભુ ત્રેવીશમા જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે;
અમને દરિશન દ્યોને દયાળા–અહો૦ ૬
હું તો લળીલળી લાગું પાયરે, મારા ઉરમાં તે હરખ ન માયરે;
એમ માણેકવિજય ગુણ ગાય–અહો૦ ૭

૨૪ શ્રી મહાવીરસ્વામીનાં–૭

[૧]

ભક્તિ અમ ચિત્ત સાચી ધરી, ધારીએ શાસનરીતિ રે;
વારીએ દુષ્ટ દુરવાસના, ધ્વંસીએ ભવતણી ભીતિ રે–ભ૦ ૧
વીરજિનરાજ સમ પ્રભુ લહી, ગહગહી બુદ્ધિ ગુણગ્રામ રે;
કોણ પર દેવને આદરે? કલ્પતરુ સમ પ્રભુ પામી રે–ભ૦ ૨
એક આધાર છે તાહરો, માહરે દીનદયાળ! રે;
સાર કીજે હવે દાસની, નાથ! જગજીવ પ્રતિપાળ! રે–ભ૦ ૩
વિનતિ દાસની ધારીએ, ધારીએ કરી ઉપકાર રે;
દોષ અનાદિ નિવારીએ, આપીએ અનુભવ સાર રે–ભ૦ ૪
મોહ જંજાળ વશ જીવડા, રડવડે પુદ્ગલ રાગ રે,
તેહને શુદ્ધ રત્નત્રયી, દાખવી તેં મહાભાગ! રે–ભ૦ ૫
એક આલંબન સ્વામીનો, દાસના ચિત્તને નાહ! રે;
અશરણ શરણ ભવ અટવીનો, તુંહિજ પરમ સત્થવાહ રે–ભ૦ ૬
તુજ ગુણ રાગ ભર હ્રદયમેં, કિમ વસે દુષ્ટ કષાય? રે;
નિર્મળ તત્ત્વના ધ્યાનથી, ધ્યાયક નિર્મળ થાય રે–ભ૦ ૭
ધ્યેયની શુદ્ધતા રસ થકી, વિદ્ધ અય કંચન થાય રે;
તેમ અ–મોહરસે ચેતના, પૂર્ણ આનંદ ઉપાય રે–ભ૦ ૮

[૧૦]

સુખદાઈ રે સુખદાઈ, દાદો પાસજી સુખદાઈ;
ઐસો સાહિબ નહિ કોઉ જગમેં, સેવા કીજે દીલલાઈ—સુખ૦ ૧
સબ સુખદાઇ એહિજ નાયક, એહિ સાયક સુખદાઈ:
કિંકરકું કરે શંકર સરીખો, આપે અપની ઠકુરાઈ—સુખ૦ ૨
મંગલરંગ વધે પ્રભુ ધ્યાને, પાપ-વેલી જાએ કરમાઈ:
શીતલતા પ્રગટે ઘટ અંતર, મીટે મોહકી ગરમાઈ—સુખ૦ ૩
કહા કરું ચિંતામણિ સુરતરુ? જો મેં પ્રભુ સેવા પાઈ;
શ્રી જશવિજય કહે દર્શન દેખ્યો, ઘર આંગન નવનિધિ
આઈ—સુખ૦ ૪

[૧૧]

"ચાલ ચાલ રે કુમર! ચાલ તાહરી, ચાલ ગમે રે:
જગ દીઠા વિના મીઠડા માહરા, પ્રાણ ભમે રે"—ચાલ૦ ૧
[illegible] સાંહિ પહેલું [illegible], દીસે દમે રે:
આવડી વિના આવડું [illegible], [illegible] ભમે રે—ચાલ૦ ૨
[illegible] લાગે [illegible] નેનાં, [illegible] લાગે રે:
[illegible] [illegible] [illegible] પ્રભુ, [illegible] નમે રે—ચાલ૦ ૩

સ્વામિ દરિશણ સમો નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમતણો,
સ્વામિસેવા સહી નિકટ લાશે-તાર૦ ૪
સ્વામિગુણ ઓળખી સ્વામિને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિધામે-તાર૦ ૫
જગતવત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી! બિરૂદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો-તાર૦ ૬
વિનતિ માનજો, શક્તિ એ આપજો,
ભાવસ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધકદશા સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે-તાર૦ ૭

[૩]

વીર જિણંદ જગત ઉપગારી, મિથ્યાધામ નિવારીજી;
દેશના અમૃતધારા વરસી, પરપરિણતિ સવિ વારીજી. વીર૦ ૧
પંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહશે, સુવિહિત મુનિ આધારજી. વીર૦ ૨
ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણજલધિમાંહે મીઠું જળ, પીવે શૃંગી મચ્છજી. વીર૦ ૩

યાદૃશ પરિણતિ દોષની, તીવ્રતા વારણકાર રે;
તાદૃશ શાસન પ્રભુતણો, રાગ છે એક આધાર રે-ભા૦ ૯
ઘણુ ઘણુ નામ તુમચો જપું, તુજ ગુણ સ્તવન ઉલ્લાસ રે;
ચિંતવી રૂપ પ્રભુજીતણો, કીજીએ આત્મપ્રકાશ રે-ભા૦ ૧૦
વળી વળી વિનવું સ્વામીજી! નિતપ્રતિ તું જિન દેવ રે;
શુદ્ધ આશયપણે મુજ હજ્યો, ભવભવ તાહરી સેવ રે-ભા૦ ૧૧
વીરઆણા અવિહડપણે, આદરું સાધન જોડ રે;
તાહરી શાખથી સત્ય તે. સીઝશે માહરે કોડ રે-ભા૦ ૧૨
ભદ્રભાવ રાગીપણું, વિનતિ એમ કરાય રે;
દેવચંદ્ર પદ નીપજે, નાથજી! ભક્તિ સુપસાય રે-ભા૦ ૧૩

[૨]

તાર હો તાર પ્રભુ! મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે.
દાસ અવગુણભર્યો જાણી પોતાતણો,
દયાનિધિ! દીન પર દયા કીજે-તાર૦ ૧
રાગદ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો,
લોકની રીતિમાં ઘણું રાતો.
ક્રોધવશ ધમધમ્યો શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષયમાતો-તાર૦ ૨
આદર્યું આચરણ લોક ઉપચારથી,

કલ્પતરૂ, કામઘટ, કામધેનુ મિલ્યો,
આંગણે અમિયરસ મેહ વૂઠો–આજ૦
વીર તું કુંડપુરનયર ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ–ત્રિશલા તનુજો;
સિંહ–લંછન, કનક–વર્ણ, કર સપ્ત તનુ,
તુજ સમો જગતમાં કો ન દૂજો–આજ૦
સિંહ પરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયુ બોહોંતેર વરસ પૂર્ણ પાળી;
પુરી અપાપાએ નિષ્પાપ–શિવ–વહુ વર્યા,
તિહાં થકી પર્વ પ્રગટી દીવાળી–આજ૦
સહસ તુજ ચઉદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ, સિદ્ધાયિકા વરસુરી,
સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે–આજ૦
તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો,
પીલતો મોહ–મિથ્યાત્વ–વેલી;
આવીઓ ભાવીઓ ધર્મપથ હું હવે,
દીજીએ પરમપદ હોઇ બેલી–આજ૦
સિંહ નિશિદીહ જો હૃદયગિરિ, મુજ રમે,
તું સગુણલીહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના જૂથથી,
મુજ નહિ કોઇ લવલેશ બીહો–આજ૦
ચરણ તુજ શરણ મેં ચરણ–ગુણનિધિ ગ્રહ્યાં,
ભવતરણ ! કરણ-દમ ! શર્મ દાખો;

દશ અચ્છેરે દૂષિત ભરતે, બહુ મતભેદ કરાળજી;
જિન કેવળી પૂરવધર વિરહે, ફણીસમ પંચમ કાળજી. વીર૦ ૪
તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી;
નિશિદીપક પ્રવહણ જેમ દરિયે, મરૂમાં સુરતરુલુંબજી, વીર૦ ૫
જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાળે પણ પ્રભુ ! તુજ શાસન, વરતે છે અવિરોધજી. વીર૦ ૬
મ્હારે તો સુષમાથી દુષમા, અવસર પુણ્યનિધાનજી;
ક્ષમાવિજય જિનવીર સદાગમ, પામ્યો સિદ્ધિનિદાનજી. વી૦ ૭

[૪]

ગિરુઆ રે ગુણ તુમતણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા ! રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મહારી નિર્મળ થાયે કાયારે. ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે,
અવર ન ધંધો આદરું, નિશિદિન તોરા ગુણ ગાઉં રે-ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે-ગિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પર સુર આદરે ? જે પરનારી વશ રાચ્યા રે-ગિ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચકયશ કહે માહરે, તું જીવ જીવનઆધારો રે-ગિ૦ ૫

[૫]

રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજળ તે બિહું તણાં રે, તાપ કરે સવિ દૂર–જિણંદ૦ ૪
સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ!
મુજશું આંતરો કિમ કરો રે! બાંહ્ય ગ્રહ્યાની લાજ–જિણંદ૦ ૫
મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ–જિણંદ૦ ૬
વૃષભ લંછન માતા સત્યકી રે–નંદન રુક્મિણી કંત;
વાચકયશ એમ વિનવે રે, ભયભંજન ભગવંત–જિણંદ૦ ૭

[૨]

તારી મુદ્રાએ મનડું મોહ્યું રે, મનના મોહનીયા!
તારી મૂરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા!
તુમ જોતાં સવિ દુરમતિ વિસરી, દિન રાતડી નવી જાણી;
પ્રભુ ગુણ ગણ સાંકળશું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે–મ૦ ૧
પહેલાં તો એક કેવલ હરખે, હેજાળું થઇ હળિયો;
ગુણ જાણીને રૂપે મિલિઓ, અભ્યંતર જઇ ભળિયો રે–મ૦ ૨
વીતરાગ ઇમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ;
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ ધરેહ રે–મ૦ ૩
શ્રી સીમંધર! તું જગબંધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વંદે તે ધન્ય પ્રાણી રે–મ૦ ૪
શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભ લંછન પ્રભુ, જ્ઞાનવિમલ ગુણખાણી રે–મ૦ ૫

[૩]

સુણો ચંદાજી! સીમંધર પરમાતમ પાસે જાજો,

જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પરે તેહ રે ?
ઇમ અજાણ્યા પડે ફંદમાં, પાપબંધે રહ્યા જેહ રે–સ્વા૦ ૪
કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે–સ્વા૦ ૫
અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે;
પરમ પદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથ રે ?–સ્વા૦ ૬
વિષય રસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરુ મદપૂર રે;
ધુમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે–સ્વા૦ ૭
કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે–સ્વા૦ ૮
કેઇ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે–સ્વા૦ ૯
બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જિમ કમલની વાસ રે–સ્વા૦ ૧૦

[૫]

શ્રી આત્મ-ધર્મના સ્વરૂપની ઓળખાણ

ઢાળ બીજી

(રાગ ગોડી–ભોલીડા હંસા રે ! વિષય ન રાચીએ રે–એ દેશી)

એમ ઢુંઢંતા રે ધર્મ સોહામણો, મિલિઓ સદ્ગુરુ એક;
તેણે સાચો રે મારગ દાખવ્યો, આણી હૃદય વિવેક.
શ્રી સીમંધર સાહિબ ! સાંભલો. એ આંકણી–૧૧
પરઘર જોતાં રે ધર્મ તુમે ફિરો, નિજ ઘર ન લહો રે ધર્મ;
જિમ નવિ જાણે રે મૃગ કસ્તુરીઓ, મૃગમદ પરિમલ મર્મ–૧૨

મુજ વિનતડી પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ખાયક છે— સુણો૦ ૧
જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે સુણો૦ ૨
બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે— સુણો૦ ૩
ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે— સુણો૦ ૪
તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું— સુણો૦ ૫
પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે, તુમ આણા ખડ્ગ કર ગ્રહિયો છે;
તો કાંઈક મુજથી ડરિયો છે— સુણો૦ ૬
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો સુણો૦ ૭

હેમગુરુસમ વડો શબ્દ અનુશાસને,
શીસ તસ વિબુધવર લાભવિજયો–આજ૦ ૧૧
શીસ તસ જીતવિજયો જયો વિબુધવર,
નયવિજય વિબુધ તસ સુગુરુ ભાયા;
રહિઅ કાશી મઠે જેહુથી મેં ભલે,
ન્યાયદર્શન વિપુલ ભાવ પાયા–આજ૦ ૧૨
જેહથી શુદ્ધ લહિયે સકલનય નિપુણ,
સિદ્ધસેનાદિ કૃત શાસ્ત્રભાવા;
તેહ એ સુગુરુ-કરુણા પ્રભો ! તુઝ સુગુણ,
વયણરયણાયરે મુઝ નાવા–આજ૦ ૧૩

કળશ

ઈમ સકલ સુખકર દુરિત ભયહર સ્વામી સીમંધર તણી,
એ વિનતિ જે સુણે ભાવે, તે લહે લીલા ઘણી;
શ્રી નયવિજય વિબુધ ચરણસેવક જસવિજય બુધ આપણી,
રુચિ શક્તિ સારૂ પ્રગટ કીધી શાસ્ત્રમર્યાદા ભણી. ૧

[૭]

સાચી ભક્તિ–પ્રભુપ્રેમ.

કુમતિ ઇમ સકલ દૂરે કરી. ધારીએ ધર્મની રીતરે,
હારીએ નવિ પ્રભુબલ થકી પામીએ જગતમાં જીતરે,
સ્વામિ સીમંધરા ! તું જયો ! એ આંકણી૦ ૧
ભાવ જાણે સકલ જંતુના, ભવ થકી દાસને રાખરે;
બોલિયા બોલ જે તે ગણું, સફલ જો છે તુજ સાખરે–સ્વા૦ ૨

જિમ તે ભૂલ્યો રે મૃગ દશ દિશિ ફરે, લેવા મૃગમદ ગંધ;
તિમ જગ ઢુંઢે બાહિર ધર્મને, મિથ્યાદૃષ્ટિ રે અંધ.
શ્રી સીમંધર૦ ૧૩

જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;
મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ.
શ્રી સીમંધર૦ ૧૪

આપ પ્રશંસે રે પરગુણ ઓળવે, ન ધરે ગુણનો રે લેશ;
તે જિનવાણી રે નવિ શ્રવણે સુણે, દિયે મિથ્યા ઉપદેશ.
શ્રી સીમંધર૦ ૧૫

જ્ઞાનપ્રકાશે રે મોહતિમિર હરે, જેહને સુગુરુ સૂર;
તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર.
શ્રી સીમંધર૦ ૧૬

પૂછું પૂર્વ વિરાધના, શી કીધી એણે જીવ? લાલ રે;
અવિરતિ મોહ ટળી નહિ, દીઠે આગમદીવ લાલ રે—દેવ૦ ૫
આતમ તત્ત્વ સ્વભાવને, પૂરણ શોધન કાજ લાલ રે;
રત્નત્રયી પ્રાપ્તિ તણો, હેતુ કહો મહારાજ! લાલ રે—દેવ૦ ૬
તુમ સરિખા સાહિબ મળે, ભાંજે ભવ ભ્રમ ટેવ લાલ રે;
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પરસેવ? લાલ રે—દેવ૦ ૭
દીનદયાલ! કૃપાળ! તું, નાથ! ભવિક આધાર લાલ રે;
દેવચંદ્ર જિનસેવના, પરમામૃત સુખકાર લાલ રે—દેવ૦ ૮

વિહરમાન શ્રી અનંતવીર્ય જિનનું-૧

અનંતવિરજ અરિહંત! સુણો મુજ વિનતિ,
અવસર પામી આજ હું આવ્યો દિલ છતી;
આતમસત્તા હારી સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ૧
ક્રોધ દાવાનળ દગ્ધ માનવિષધર ડસ્યો,
માયાજાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો;
મન વચ કાયાના યોગ ચપળ થયા પરવશા,
પુદ્ગલ પરિચય પાપતણી અહનિશ દશા. ૨
કામરાગે અણુનાથ્યા સાંઢ પરે ધસ્યો,
સ્નેહરાગની રાચે ભવપિંજર વસ્યો;
દૃષ્ટિરાગરુચિ કાચપાચ સમકિત ગણું,
આગમરીતિ નાથ! ન નિરખું નિજપણું. ૩
ધર્મ દેખાડું માંડ, ભાંડ પરે અતિ લહું,
'અચિરે અચિરે રામ' શૂક પરે કહું;

કૌતુક કે કાગ નજર ઉપરિ, નેહ મુજ નિરંજન કોડે.
નહિ ગમ્યું નજર પર આપકને, તેં કિટે સુરનર જોડે–ક્યાલ ૩
નજર વિના મેં બહુ દુઃખ લહ્યા, નજર વિના તે કેમ જોડે ?
મોહ વિણ મોહ ભાગે નહિ, મોહ કેથી ભાગે તે મેં–ક્યાલ ૪
મન થકી વિરાન મેં નજર કીધો, અકલ નજર મોડવા જોડે !
શ્રીગુરુની નજન જિન પ્રભો વિના, આપદ ન ચાલીજો મોડે–ક્યાલ ૫
નજર–લગન–ધ્યાન–રાગ–આગેરી, નહિ મારું સુખનર રાખે.
મેરી મેં તપ જેડ દાખ્યુ, નહિ નજર નેહ નજર પ્રભાવે–ક્યાલ ૬
ને મુજ [illegible] નહિ, [illegible] .
[illegible] ૭

આઠમી, નવમી, ચોવીશ, પચવીશમી વિદેહવિજયે જયવંતા;
દશલાખ કેવળી, સોક્રોડ સાધુ-પરિવારે ગહુગહંતારે-ભ૦ ૪
ધનુષ પાંચશે ઊંચી સોહે, સોવનવરણી કાયા;
દોષરહિત સુરમહી મહીતળ, વિચરે પાવન પાયારે-ભ૦ ૫
ચોરાશી લાખ પૂરવ જિન જીવિત, ચોત્રીશ અતિશય ધારી;
સમવસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નરનારીરે-ભવિકા૦ ૬
ક્ષમાવિજય જિન કરુણાસાગર, આપ તર્યા પર તારે;
ધર્મનાયક શિવમારગદાયક, જન્મજરા દુઃખ વારેરે-ભ૦ ૭

સિદ્ધાચળનાં સ્તવનો-૧૩

[૮]

સિદ્ધાચલ ગિરિ ભેટયા રે ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા,
રાયણ રુખ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે. ધ૦ ૧
મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચઉમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે. ધ૦ ૨
ભાવ ભક્તિશું પ્રભુગુણ ગાતાં, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચગતિ વારારે. ધ૦ ૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરુદ તુમારું, એ તીરથ જગ સારારે. ધ૦ ૪
સંવત્ અઠારસેં ત્યાશી માસ આષાઢા, વદી આઠમ ભોમવારા;
પ્રભુજીકે ચરણ પ્રતાપકે સંઘમેં, ખિમારતન પ્રભુ પ્યારા રે.
ધન્ય૦ ૫

કપટપટ નટના એ મુનિમુદ્રા ધરે,
પંચવિષય [illegible] સહેજમુનિ [illegible]. ૪
એક દિનમાં નવ વાર [illegible] [illegible] કરે,
[illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible].
આ [illegible] [illegible] નીતિ [illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], ૫
દીનદયાળ ! કૃપાળ ! [illegible] ! [illegible] ! [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible].
[illegible] [illegible] નહિની [illegible].
નયરી [illegible] [illegible], [illegible] મનિ પતિ ૬
[illegible] [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] ! [illegible] [illegible] [illegible],
વીર [illegible] વીર [illegible] ૭

સંવત્ તેર એકોતેર વરસે, સમરાશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શત્રુંજય કીધો, અગીયાર લાખ દ્રવ્ય ખરચ્યો-
હો ! કુમતિ૦ ૮

સંવત્ પંદર સત્યાશી વરસે, બાદશાહને વારે;
ઉદ્ધાર સોળમો શત્રુંજય કીધો, કરમાશાએ જશ લીધો-
હો ! કુમતિ૦ ૯

જિનપ્રતિમા જિન સરખી જાણી, પૂજો ત્રિવિધે તુમે પ્રાણી!
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચકજશની એ વાણી-
હો ! કુમતિ૦ ૧૦

[૩]

વિમલાચલ વિમલા પાણી, શીતલ તરુ છાયા ઠરાણી;
રસવેધક કંચન ખાણી, કહે ઈન્દ્ર સુણો ઈન્દ્રાણી!
સનેહી સંત! એ ગિરિ સેવો,
ચૌદ ક્ષેત્રમાં તીરથ નહિ એવો-સ૦ ૧
ષટરી પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ;
મોહમલ્લની સામા ધસીએ, વિમલાચલ વેગે વસીએ-સ૦ ૨
અન્ય સ્થાનક કર્મ જે કરીએ તે ઈણગિરિ હેઠા હરીએ;
પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભવજળનિધિ હેલા તરીએ-સ૦ ૩
શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે;
ચઢતાં સમકિતી છાજે, દુરભવ્ય-અભવ્ય તે લાજે-સ૦ ૪
પાંડવ પમુહા કેઇ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા;
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલ સિદ્ધયા અનંતા-સ૦ ૫
ષટ્માસી ધ્યાન ધરાવે, શુકરાજા તે રાજ્યને પાવે;
બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે-સનેહી૦ ૬

[૫]

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહ્યો;
ઋષભ જિણંદને પૂજવા, લીજે ભવ તણો લાહો–શ્રી રે૦ ૧
મણિમય મૂરતિ શ્રી ઋષભની, નિપાઇ અભિરામ;
ભવન કરાવ્યા કનકનાં, રાખ્યાં ભરતે નામ–શ્રી રે૦ ૨
નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજા સમું તીરથ નહિ, બોલ્યા સીમંધર વાણી–શ્રી રે૦ ૩
પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભ જિણંદ;
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ–શ્રી રે૦ ૪
પૂરવ પુણ્ય પસાઉલે, પુંડરીકગિરિ પાયો;
કાન્તિવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચલ ગાયો–શ્રી રે૦ ૫

[૬]

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા,
માનું હાથ એ ધર્મનો, શિવતરુફળ લેવા. વિ૦ ૧
ઉજ્જ્વલ જિનગૃહમંડલી, તિહાં દીપે ઉત્તુંગા;
માનું હિમગિરિ–વિભ્રમે, આઇ અંબર ગંગા. વિ૦ ૨
"કોઇ અનેરું જગ નહિ, એ તીરથ તોલે;"
એમ શ્રીમુખહરિ આગલે શ્રી સીમંધર બોલે. વિ૦ ૩
જે સઘળાં તીરથ કહ્યા, યાત્રા ફળ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ. વિ૦ ૪
જનમ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે; તે નર ચિર નંદે. વિ૦ ૫

પ્રભુધ્યાને ભક્તે ગિરિ ભેટ્યા, તીર્થંકર નામ નિકાચ્યા.
બાહુબલને રાગે નમાવ્યા, દ્રાવીડ વિમલગિરિ આવ્યા—ચાલ ૮

[૪]

શ્રી પુંડરીક સ્વામિનું

એક દિન પુંડરીક ગણધરુ રે લાલ !

પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે,

કહીએ તે ભવજલ ઉતરી રે લાલ !

પામીશું ભવપાર ભવતારી રે. એક૦ ૧

કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ !

જ્ઞાન અને નિર્વાણ જયકારી રે,

તીરથ મહિમા વાધશે રે લાલ !

અધિક અધિક મંડાણ નિરધારી રે. એક૦ ૨

એમ નિસુણીને ઈહાં આવીયા રે લાલ !

ઘાતી કરમ કર્યાં દુર તમ વારી રે.

ચુવા ચુવા ચંદન ઓર અરગજા,
કેસર તિલક વિરાજે-મો૦ સિ૦ ૪

ઇણે ગિરિ સાધુ અનંતા સિધ્યા,
કહેતાં પાર ન આવે-મો૦ સિ૦ ૫

જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે,
આ ભવ પાર ઉતારો-મો૦ સિ૦ ૬

[૯]

વિવેકી! વિમલાચલ વસીએ, તપ જપ કરી કાયા કસીએ;
ખોટી માયાથી ખસીએ, વિવેકી! વિમલાચલ વસીએ,
વળી ઉન્મારગથી ખસીએ-વિવેકી૦ ૧

માયા મોહિનીએ મોહ્યો, કોણ રાખે રણમાં રોયો?
આ નરભવ એળે ખોયો-વિવેકી૦ ૨

બાળ લીલાએ હુલરાવ્યો, યૌવન યુવતિએ ગાયો;
તોએ તૃપ્તિ નવી પાયો-વિવેકી૦

રમણી ગીત વિષય રાચ્યો, મોહની મદિરાએ માચ્યો;
નવ નવ વેશ કરી નાચ્યો-વિવેકી૦

આગમવાણી સમી આસી, ભવજળધિમાંહી વાસી;
રોહિત મત્સ્ય સમો થાશી-વિવેકી૦

મોહની જાલને સંહારે, આપ કુટુંબ સકલ તારે;
વરણવીએ તે સંસારે-વિવેકી૦

સંસારે કુડી માયા, પંથ શિરે પંથી આયા;
મૃગતૃષ્ણા જલને ધાયા-વિવેકી૦

ભવદવ તાપ લહી આયા, પાંડવ પરિકર મુનિરાયા;
શીતલ સિધ્ધાચલ ધ્યાયા-વિવેકી૦

ખીર ઝરે જેહ ઉપરે, સુણ સુંદરી!
નેહ ધરીને એહ, રે ગુણ મંજરી!
ત્રીજે ભવે તે શિવ લહે, સુણ સુંદરી!
થાયે નિર્મળ દેહ, રે ગુણ મંજરી!
પ્રીત ધરી પ્રદક્ષિણા સુણ સુંદરી!
દીએ એહને જે સાર, રે ગુણ મંજરી!
અભંગ પ્રીતિ હોય જેહને, સુણ સુંદરી!
ભવભવ તુમ આધાર, રે ગુણ મંજરી
કુસુમ, પત્ર, ફળ, મંજરી, સુણ સુંદરી!
શાખા, થડ ને મૂળ, રે ગુણ મંજરી
દેવતણા વાસાય છે, સુણ સુંદરી!
તીરથને અનુકુળ, રે ગુણ મંજરી
તીરથ ધ્યાન ધરો મુદા, સુણ સુંદરી!
સેવો એહની છાંય, રે ગુણ મંજરી
જ્ઞાનવિમલ ગુણ ભાખીઓ, સુણ સુંદરી!
શત્રુંજય માહાત્મ્ય માંહી, રે ગુણ મંજરી

[૧૧]

પ્રણમો પ્રેમે પુંડરીકગિરિરાજિયો,
ગાજિયો જગમાં રે જેહ, સોભાગ
યાત્રાએ જાતાં પગે પગે નિરજરે,
બહુભવ સંચિત ખેહ. સોભાગી
પાપ હોય વજ્રલેપ સમોવડું, તે પણ જાયરે દૂર, સોભાગ
જો એ ગિરિનું દરિશન કીજીએ, ભાવભગતિ ભર
સોભાગી૦

[illegible]

[illegible] ૯

[illegible]

[illegible] ૧૦

[illegible]

[illegible] ૧૧

[illegible]

[illegible] ૧૨

[illegible]

[illegible] ૧૩

[illegible]

[illegible] ૧૪

[illegible]

[illegible] ૧૫

પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ.
વિમલગિરિ૦

ભૂંઈસંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરીએ.
વિમલગિરિ૦

સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરુ સાથે પદ ચરીએ.
વિમલગિરિ૦

પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ વિખરીએ.
વિમલગિરિ૦

કલિકાલે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભરદરીએ.
વિમલગિરિ૦

ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ.
વિમલગિરિ૦

[૧૩]

આંખડીએ રે મેં આજ, શત્રુંજય દીઠો રે;
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે.
સફળ થયો મારા મનનો ઉમાહો, વાલા મારા, ભવનો સં
ભાંગ્યો રે
નરક તિર્યંચગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે
શત્રુંજય૦
માનવભવનો લાહો લીજે, વાલા૦ દેહડી પાવન કીજે રે
સોના-રૂપાને ફૂલડે વધાવી; પ્રેમે પ્રદક્ષિણા દીજે રે
શત્રુંજય૦
દુધડે પખાડીને કેસર ઘોળી, વાલા૦ શ્રી આદીશ્વર પૂજ્યા

[illegible]
[illegible]

[illegible] ૩

[illegible]
[illegible]

[illegible] ૪

[illegible]
[illegible]

[૪]

(રાગઃ–ધન્યાશ્રી તથા દેવગંધાર)

પ્રભુ! તેરો મોહન હે મુખ મટકો,
નીરખી નીરખી અતિ હરખિત હોવે;
અનુભવ મેરે ઘટકો–પ્રભુ૦ ૧
સહજ સુસગતા સમતા કેરી, એહિજ ચરણકો ચટકો,
દરિસન જ્ઞાન અક્ષય ગુણનિધિ તુમ,
દીઓ પ્રેમે તસ કટકો–પ્રભુ૦ ૨
શુદ્ધ સુવાસન સુરભિ સમીરે, મિથ્યામત–રજ ઝટકો;
દંભ પ્રપંચ જોર જિમ ન હોય, પટકટકે મોહ નટકો. પ્રભુ૦ ૩
ધર્મ સંન્યાસ યોગ શિર પાગે, બંધન પય જય પટકો;
દર્શન ચક્રે કર્મ નૃપતિશું, કરત સદા રણ રટકો–પ્રભુ૦ ૪
વીતરાગતા દિલમેં ઉલ્લસત, નહીં અવર ખલ ખટકો;
પૂરવસંચિત પાતક જાતક, અમથી દૂરે સટકો–પ્રભુ૦ ૫
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પસાયે, ભવે ભવે ભવિ ! નવિ ભટકો;
આઈ મીલે જ્યું એકી ભાવે, શિવસુંદરીકો લટકો–પ્રભુ૦ ૬

[૫]

સકળ સમતા સુરલતાનો તુંહિ અનોપમ કંદરે.
તુંહિ કૃપારસ કનકકુંભો, તુંહિ જિણંદ મુણિંદ રે–
પ્રભુ ! તુંહિ તુંહિ તુંહિ, તુંહિ તુંહિ ધરતા ધ્યાન રે;
તુજ સ્વરૂપી જે થયા, તેણે લહ્યું તાહરું તાન રે–પ્રભુ૦
તુંહિ અળગો ભવ થકી, પણ ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહ અચરિજ ઠામ રે–પ્રભુ૦

[illegible] નયણે [illegible] [illegible] [illegible] છે.
શત્રુંજય ૩

[illegible], [illegible] છે.
[illegible] ઉપરે છે.
શત્રુંજય ૪

[illegible], [illegible] માંહે છે.
[illegible], [illegible] છે. શત્રુંજય ૫

[illegible] છે.
[illegible] [illegible]
શત્રુંજય ૬

[illegible]
[illegible]
શત્રુંજય ૭

જંબૂદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન;
વીરજિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ૨
શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેઠણ ઠાય;
વિનવે શ્રી જિનરાયને "દ્યો ઉપદેશ મહારાય!" ૩
ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દીયે જિનરાય;
કમળ સુકોમળ પાંખડી, એમ જિન હૃદય સોહાય. ૪
શશી પ્રગટે જેમ તે દિને, ધન્ય તે દિન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ. ૫

ઢાળ ૨ જી. (અષ્ટાપદ અરિહંતાજી—એ રાગ)

કલ્યાણક જિનના કહું, સુણ પ્રાણીજી રે!
અભિનંદન અરિહંત, એ ભગવંત, ભવિ પ્રાણીજી રે!
માઘ સુદી બીજને દિને, સુણ પ્રાણીજી રે!
પામ્યા શિવસુખસાર હરખ અપાર, ભવિ પ્રાણીજી રે! ૧
વાસુપૂજ્ય જિન બારમા, સુણ પ્રાણીજી રે!
એહિજ તિથે થયું નાણ, સફળ વિહાણ ભવિ પ્રાણીજી રે!
અષ્ટકર્મ ચૂરણ કરી, સુણ પ્રાણીજી રે!
અવગાહન એક વાર મુક્તિ મોઝાર, ભવિ પ્રાણીજી રે! ૨
અરનાથ જિનજી નમું, સુણ પ્રાણીજી રે!
અષ્ટાદશમા અરિહંત એ ભગવંત ભવિ પ્રાણીજી રે!
ઉજ્જવળ તિથિ ફાગણની ભલી, સુણ પ્રાણીજી રે!
વરિયા શિવવધૂ સાર સુંદર નાર, ભવિ પ્રાણીજી રે! ૩
દશમા શીતળ જિનેશ્વરુ, સુણ પ્રાણીજી રે!
પરમપદની એ વેલ ગુણની વેલ ભવિ પ્રાણીજી રે!

[illegible]

નવલવિજય સુપસાયથી રે લાલ, ચતુરને મંગળમાળ રે.
ભવિક૦ ભાવ ધરીને૦ ૧

કળશ

એમ વીર જિનવર સયલ સુખકર ગાયો અતિ ઉલટ ભરે,
અષાઢ ઊજ્જવળ દશમી દિવસે, સંવત્ અઢાર અટ્ઠોત્તરે;
બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસ એ,
જેહ ભવિક ભાવે સુણે ગાવે, તસ ઘર લીલ વિલાસ એ. ૧

શ્રી પાંચમના સ્તવન—૨

(૭ ઢાળનું)

[૧]

સુત સિદ્ધારથ ભૂપને રે, સિધ્ધારથ ભગવાન;
બારહ પરષદા આગળે રે, ભાખે શ્રી વર્દ્ધમાને રે,
ભવિયણ ! ચિત્ત ધરો.

મન વચન કાય ઉમાહ્યો રે, જ્ઞાન-ભગતિ કરો.
ગુણ અનંત આતમતણા રે, મુખ્યપણે તિહાં હોય;
તેમાં પણ જ્ઞાનજ વડું રે, જિણથી દંસણ હોય રે-ભવિ૦
જ્ઞાને ચારિત્રગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય;
જ્ઞાને થિવિરપણું લહેરે, આચારજ ઉવજ્ઝાયો રે-ભવિ૦
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં રે, કઠિન કરમ કરે નાશ;
વન્હિ જેમ ઈંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશોરે-ભવિ૦
"પ્રથમ જ્ઞાન પછે દયા" રે, સંવર મોહ-વિનાશ;
ગુણસ્થાનક પગથાલીએરે, જેમ ચઢે મોક્ષ આવાસોરે-ભવિ૦

તેણે અવસરે ઉદ્યાનમાં રે, વિજયસેન ગણધાર;
જ્ઞાન રયણ રયણાયરુ રે, ચરણ કરણ વ્રતધાર રે–પ્રા૦ આ૦ ૭
વનપાલક ભૂપાલને રે, દીધી વધાઇ જામ;
ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામ રે–પ્રા૦ આ૦ ૮
ધર્મદેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ;
વિકસિત નયણ વદન મુદા રે, નહિ પ્રમાદ પ્રવેશ રે–પ્રા૦ આ૦ ૯
જ્ઞાન–વિરાધને પરભવે રે, મુરખ પર આધીન;
રોગે પીડયા ટળવળે રે, દીસે દુઃખિયા દીનરે–પ્રા૦ આ૦ ૧
જ્ઞાનસાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાનવિના જગજીવડા રે, ન લહે તત્ત્વસંકેત રે–પ્રા૦ આ૦ ૧૧
શ્રેષ્ઠી પૂછે મુણીંદને રે, ભાખો કરુણાવંત !;
ગુણમંજરી મુજ અંગજા રે, કવણ કર્મ વિરતંતરે ?–પ્રા૦ આ૦ ૧૨

[૩]

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ;
વ્યવહારી જિનદેવ છે, ઘરણી સુંદરી નામ. ૧
અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શીખવા, તાતેં મૂકયા કુમાર. ૨
બાળ સ્વભાવે રમત–કરતાં દહાડા જાય;
પંડિત મારે ત્યારે, મા–આગળ કહે આય. ૩
સુંદરી શંખિણી શીખવે, "ભણવાનું નહિ કામ;
પંડયો આવે તેડવા, તો તસ હણજો તામ." ૪
પાટી ખડિયો લેખણ, બાળી કીધાં રાખ;
શઠને વિદ્યા નવિ રુચે, જેમ કરહાને દ્રાખ. ૫

[illegible] છે, [illegible].
[illegible] છે, [illegible]
તેમાં [illegible] છે, [illegible].
[illegible] છે. [illegible]
વિવિધ [illegible] છે, [illegible].
[illegible] છે, [illegible]
[illegible] છે, [illegible].
[illegible] છે, [illegible]
[illegible] છે, [illegible]
[illegible] છે, [illegible]

[illegible]

ભુક્તભોગી થયો, મંજરી રે, પાળે વ્રત ખટકાય-ત૦
ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજ તાય-તપશું૦ ૫
સુખ વિલસી થઇ સાધવી રે, વૈજયંતે હોય દેવ; -ત૦
વરદત્ત પણ ઉપન્યો રે, જિહાં સીમંધર દેવ-તપશું૦ ૬
અમરસેન રાજા ઘરે રે, ગુણવંતી નારી પેટ; -ત૦
લક્ષણ-લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ. -તપશું૦ ૭
સુરસેન રાજા થયો રે, સો કન્યા ભરતાર; -ત૦
સીમંધર સ્વામી કને રે, સુણી પંચમી અધિકાર-તપશું૦ ૮
તિહાં પણ તે પણ આદર્યું રે, લોક સહિત ભૂપાળ-ત૦
દશ હજાર વરસાં લગે રે, પાળે રાજ્ય ઉદાર-તપશું૦ ૯
ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની પાસ.-ત૦
કેવળધર મુક્તિ ગયો રે, સાદિ અનંત નિવાસ-તપશું૦ ૧૦
રમણી વિજય શુભા પુરી રે, જંબૂ વિદેહ મઝાર. -ત૦
અમરસિંહ મહીપાળને રે, અમરાવતી ઘરનાર-તપશું૦ ૧૧
વૈજયંત-થકી ચ્યવી રે, ગુણમંજરીનો જીવ -ત૦
માનસસર જેમ હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ-તપશું૦ ૧૨
વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર -ત૦
લાખ પૂરવ સમતા ધરે રે, કેવળજ્ઞાન પવિત્ર-તપશું૦ ૧૩
પંચમી તપ મહિમા વિષે રે, ભાખે નિજ અધિકાર-ત૦
જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેહને તસ ઉપકાર-તપશું૦ ૧૪

[૬]

ચોવીશ દંડક વારવા, હું વારી લાલ,
ચોવીશમો જિનચંદ રે હું વારી લાલ;

નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે;
મતિશ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવળ એક ઉદાર રે. પં૦ ૨
મતિ અઠ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકારરે;
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવળ એક ઉદાર રે. પં૦ ૩
ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે;
કેવળજ્ઞાન સમું નહિ કોઇ, લોકાલોક પ્રકાશ રે. પં૦ ૪
પાર્શ્વનાથ પસાય કરીને, માહરી પૂરો ઉમેદ રે;
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદ રે. પં૦ ૫

આઠમનાં સ્તવન-૨

[૧]

ઢાળ ૧ લી

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશજો,
દીપે રે તિહાં દેશ મગધ, સૌમાં શિરે રે લોલ;
હાંરે મારે નગરી તેહમાં, રાજગૃહી સુવિશેષ જો,
રાજે રે તિહાં શ્રેણિક ગાજે, ગજ પરે રે લોલ. ૧
હાંરે મારે ગામ નગર પુર પાવન કરતાં નાથ જો,
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ;
હાંરે મારે ચૌદ સહસ મુનિવરના સાથે સાથ જો,
સૂધા રે તપ સંયમ શીયલે અલંકર્યા રે લોલ. ૨
હાંરે મારે ફૂલ્યા રસભર, ઝુલ્યા અંબ કદંબ જો,
જાણું રે ગુણશીલવન હસી રોમંચિયો રે લોલ;
હાંરે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબ જો,
વાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ. ૩

પ્રગટ્યો પ્રાણત સ્વર્ગથી, હું૦ ત્રિશલા-ઉર સુખકંદ રે;
હું૦ મહાવીરને કરું વંદના, હું વારી૦ ૧
પંચમી ગતિને સાધવા, હું૦ પંચમ નાણ વિલાસ રે, હું વા૦
મહાનિશીથ-સિધ્ધાંતમાં, હું૦ પંચમી તપ પરકાશ. હું વા૦ ૨
અપરાધી પણ ઉધ્ધર્યો, હું૦ ચંડકોશિયો સાપ રે; હું વા૦
યજ્ઞ કરંતા બાંભણા, હું૦ સરખા કીધા આપ રે. હું મ૦ ૩
દેવાનંદા બ્રાહ્મણી, હું૦ રિખવદત્ત વળી વિપ્ર રે; હું વા૦
બ્યાશી દિવસ સંબંધથી, હું૦ કામિત પૂર્યાં ક્ષિપ્ર રે. હું મ૦ ૪
કર્મ રોગને ટાળવા, હું૦ સવિ ઔષધનો જાણ રે; હું વા૦
આદર્યો મેં આશા ધરી, હું૦ મુજ ઉપર હિત આણ રે. હું મ૦ ૫
શ્રી વિજયસિંહસૂરીશનો, હું૦ સત્યવિજય પંન્યાસ રે; હું વા૦
શિષ્ય કપૂરવિજય કવિ, હું૦ ચંદ કિરણ જસ જાસ રે. હું મ૦ ૬
પાસ પંન્યાસના શિષ્યે, હું૦ ખિમાવિજય ગુરુનામ રે; હું વા૦
જિનવિજય કહે મુજ હજો, હું૦ પંચમી તપ પરિણામ રે. હું મ૦ ૭

કળશ

ઇય વીર લાયક વિશ્વનાયક સિધ્ધિદાયક સંસ્તવ્યો,
પંચમી તપ સ્તવન ટોડર ગુંથી જિન કંઠે ઠવ્યો;
પુણ્ય પાટણ ક્ષેત્ર માંહે સત્તર ત્રાણું સંવત્સરે,
શ્રીપાર્શ્વ જન્મકલ્યાણ દિવસે સકળ ભવિ મંગળ કરે. ૧

[૨]

વિરતિએ સુમતિ ધરી આદરો, પરિહરો વિષય કષાય રે;
બાપડા ! પંચ પરમાદથી, કાં પડો કુગતિમાં ધાય રે ?–વી૦ ૨
કરી શકો ધર્મકરણી સદા, તો કરો એહ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે–વી૦ ૩
જુજુઆ પર્વ ષટનાં કહ્યાં, ફળ ઘણા આગમે જોય રે;
વચન અનુસાર આરાધતાં, સર્વથા સિદ્ધિફળ હોય રે–વી૦ ૪
જીવને આયુ પરભવતણો, તિથિ દિને બંધ હોય પ્રાય રે;
તે ભણી એહ આરાધતાં, પ્રાણીઓ સદ્‌ગતિ જાય રે–વી૦ ૫
તેહવે અષ્ટમી ફળ તિહાં, પૂછે ગૌતમસ્વામ રે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીરપ્રભુ તામ રે–વી૦ ૬
" અષ્ટ મહાસિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી અષ્ટ ગુણ સિદ્ધિ રે–વી૦ ૭
લાભ હોય આઠ પરિહારનો, આઠ પવયણ ફળ હોય રે;
નાશ આઠ કર્મનો મૂળથી, અષ્ટમીનું ફળ જોય રે–વી૦ ૮
આદિજિન જન્મ દીક્ષા તણો, અજિતનો જન્મ કલ્યાણ રે;
ચ્યવન સંભવતણો, એહ તિથે, અભિનંદન નિરવાણ રે–વી૦ ૯
સુમતિ સુવ્રત નમિ જનમીયા, નેમનો મુગતિદિન જાણ રે;
પાર્શ્વજિન એહ તિથે સિધ્ધલા, સાતમા જિન ચ્યવન માણ રે–૧૦
એહ તિથિ સાધતો રાજીયો, દંડવીરજ લહ્યો મુક્તિ રે;
કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે–વીર૦ ૧૧
અતીત અનાગત કાળના, જિનતણાં કેઈ કલ્યાણ રે;
એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિરવાણ રે–વી૦ ૧૨
ધર્મવાસિત પશુ પંખીયા, એહ તિથે કરે ઉપવાસ રે;
વ્રતધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે–વીર૦ ૧૩

હાંરે મારે દેવ ચતુર્વિધ આવે કોડા કોડ જો,
ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ,
હાંરે મારે ચોસઠ સુરપતિ સેવે હોડા હોડ જો;
આગે રે રસ લાગે ઇંદ્રાણી નચે રે લોલ. ૪
હાંરે મારે મણિમય હેમ સિંહાસન બેઠા આપ જો;
ઢાળે સુર ચામર મણિરત્ને જડયાં રે લોલ,
હાંરે મારે સુણતાં દુંદુભિનાદ ટળે સવિ તાપ જો;
વરસે રે સુરફૂલ સરસ જાનુ અડયાં રે લોલ. ૫
હાંરે મારે તાજે તેજે ગાજે ઘન જેમ ગુંણજો,
રાજે રે જિનરાજ સમાજે ધર્મને રે લોલ;
હાંરે મારે નિરખી હરખી આવે જન મન ગુંણજો,
ચોપે રે રસ ન પડે ધોખે ભર્મમાં રે રે લોલ. ૬
હાંરે મારે આગમ (ન) જાણી જિનનું શ્રેણિકરાય જો;
આવ્યો રે પરવર્યો હય ગય રથ પાયગે રે લોલ,
હાંરે મારે દઈ પ્રદક્ષિણા વંદી બેઠા ઠામ જો;
સુણવા રે જિનવાણી મોટે ભાયગે રે લોલ. ૭
હાંરે મારે ત્રિભુવનનાયક લાયક તવ ભગવંત જો;
આણી રે જનકરુણા ધર્મકથા કહે રે લોલ,
હાંરે મારે સહજ વિરોધ વિસારી જગના જંત જો;
સુણવા રે જિનવાણી મનમાં ગહગહે રે લોલ. ૮

રાગ બીજો.

અજ, અવિનાશી, અકળ, અજરામર, કેવળ દંસણ નાણીઈ
અવ્યાબાધ, અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી–ભવિ૦
વિદ્યા, સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગ પીઠજી;
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈટ્ઠ–ભવિ૦
અંગ, ઉપાંગ, નંદી, અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી;
દશ પયન્ના, એમ પણયાલીસ, પાઠક તેહના ધાર–ભવિ૦
વેદ ત્રણ, ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર, નવવિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય–ભ૦
ઉપશમ, ક્ષય–ઉપશમ, ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધાપરિણતિ આતમકેરી, નમીએ વારંવાર— ભવિ૦
અઠ્ઠાવીશ, ચૌદ, ને ષટ દુગ એક, મત્યાદિકના જાણુંજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વર નાણ–ભવિ૦
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી,
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધપ્રકાર–ભવિ૦
બાહ્ય અભ્યંતર તપ સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ–ભવિ૦
એ નવ પદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવગુરુ ને ધર્મ તે એહમાં, દો તીન ચાર પ્રકાર–ભવિ૦
મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહિજ રીતે–ભવિ૦
વિમલેશ્વર સાન્નિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજઆતમહિત સાધે–ભવિ૦

ભાખીયો વીરે આઠમતણો, ભવિકહિત એ અધિકાર રે;
જિનમુખે ઉચ્ચરી પ્રાણીયા, પામશે ભવતણો પારરે–વીર૦ ૧૪
એહથી સંપદા સવિ લહે, ટળે વળી કષ્ટની કોડી રે;
સેવજો શિષ્ય બુધપ્રેમનો, કહે કાંતિ કર જોડી રે–વીર૦ ૧૫

કળશ

ઈમ ત્રિજગભાસન અચલશાસન વર્ધમાન જિનેશ્વરુ,
બુધ પ્રેમ ગુરુ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરુ;
જિનગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમતણો,
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંતિ સુખ પાવે ઘણો. ૧

[૨]

ઢાળ પહેલી

શ્રી રાજગૃહી શુભ ઠામ અધિક દીવાજે રે,
વિચરંતા વીરજિણંદ અતિશય છાજે રે;
ચોત્રીશ અને પાંત્રીશ વાણી ગુણ લાવે રે,
પધાર્યાં વધામણી જાય શ્રેણિક આવે રે. ૧
તિહાં ચોસઠ સુરપતિ, આવીને ત્રીગડું બનાવે રે,
તેમાં બેસીને ઉપદેશ પ્રભુજી સુણાવે રે,
સુરનર ને તિર્યંચ નિજ નિજ ભાષા રે,
તિહાં સમજીને ભવતીર, પામે સુખ આશા રે. ૨
તિહાં ઇન્દ્રભૂતિ ગણધાર, પૂછે વીરને રે,
પૂછે આઠમનો મહિમાય, [illegible] રે?
તવ ભાખે વીરજિણંદ, [illegible] ! રે,
આઠમદિન જિનનાં કલ્યાણ [illegible] રે. ૩

સંશયછેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય ?
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાય રે ?–વીર૦
નિર્યામક ભવસમુદ્રનો રે, ભવઅટવી સત્થવાહ;
તે પરમેશ્વર વિણ મળે રે, કેમ વાધે ઉત્સાહ રે ?–વીર૦ ૬
વીરથકાં પણ શ્રુતતણો રે, હતો પરમ આધાર;
હવે ઈહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સાર રે !–વીર૦ ૬
ત્રણ કાળે સવિ જીવને રે, આગમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિજના રે, જિનપડિમા સુખકંદો રે–વીર૦ ૭
ગણધર આચારજ મુનિ રે, સહુને ઇણીપરે સિદ્ધ,
ભવભવ આગમસંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે–વીર૦ ૮

[૨]

મારે દીવાળી રે થઈ આજ, પ્રભુમુખ જોવાને,
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને;
મહાવીરસ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવળજ્ઞાન રે,
ધન્ય અમાવસ્યા ધન્ય દીવાળી, મહાવીર પ્રભુ નિર્વાણ–જિન૦
ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાય રે;
એવા મુનિને વંદીએ, જે ઉતારે ભવપાર—જિન૦ ૨
બાકુળા વહોર્યા વીરજિને, તારી ચંદનબાળા રે;
કેવળ લઇ પ્રભુ મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર–જિન૦ ૩
એવા મુનિને વંદીએ જે, પંચજ્ઞાનને ધરતા રે;
સમવસરણે દઇ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર–જિન૦ ૪
ચોવીશમા જિનેશ્વરુ ને મુક્તિતણા દાતાર રે;
કર જોડી કવિ એમ ભણે પ્રભુ ! દુનિયાફેરો ટાળ–જિન૦ ૫

મહાવીર જિન સ્તવન

(વીર વીર બોલો તમે)

વીર વીર બોલો તમો, વીર વીર બોલો;
વીર વીર એ જ તારે તરવાનું કામ છે.
જિન જિન બોલો તમો, જિન જિન બોલો;
જિન જિન એજ તારે તરવાનું કામ છે.
મહાવીરના રાહથી ભક્તો તરી ગયા;
મુક્તિનો પંથ સહુ કોઇ જોઇ ગયાં.
થોડો થોડો ધર્મ કરો, થોડું થોડું દાન કરો;
ભાવથી કરો તોય, તરવાનું કામ છે;
અહિંસા સિદ્ધાંત પર અડગ રહી ગયા,
સત્ય વચન પર જાન ગુમાવીયા;
થોડા થોડા વાદી બનો, થોડા થોડા ત્યાગી બનો,
ભાવથી બનો તોયે, તરવાનું કામ છે.

દીવાળીનાં સ્તવન-૨

[૧]

મારગદેશક મોક્ષનો રે કેવલજ્ઞાન નિધાન,
ભાવદયાસાગર પ્રભુ રે, પરઉપગારી પ્રધાનો રે—
વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકળ આધારો રે;
હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે?—વી૦ ૧
નાથ વિહૂણું સૈન્ય જ્યું રે, વીર વિહૂણો રે સંઘ;
સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગો રે—વીર પ્રભુ૦ ૨
માત વિહોણું બાળ જ્યું રે, અરહો પરહો અથડાય;
વીરવિહૂણા જીવડા રે, આકુળ-વ્યાકુળ થાય રે.—વીર૦ ૩

ભૂપતિમાં ભરતેસર ભાખ્યો,
વા૦ દેવ માંહે સુરઇંદ્ર રે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો,
ગ્રહુગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩
દશરા દીવાળી ને વળી હોળી,
વા૦ અખાત્રીજ દીવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજા,
પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪
તે માટે તમે અમર પળાવો,
વા૦ અઠ્ઠાઇમહોત્સવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઇએ કરીને,
નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫
ઢોલ દદામા ભેરી નફેરી,
વા૦ કલ્પસૂત્રનો જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને,
ગોરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬
સોના રૂપાના ફૂલડે વધાવો,
વા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં,
પાપી મેવાસી ધ્રુજે રે. પજુ૦ ૭
એમ અઠ્ઠાઇનો મહોત્સવ કરતાં,
વા૦ બહુ જીવ જગ ઉદ્ધરીયા રે;
વિબુધવિમળવર સેવક એહથી,
નવનિધ ઋદ્ધિ સિદ્ધિ વરીયા રે. પજુ૦ ૮

શ્રી સિદ્ધ ભગવાનનું સ્તવન-૧

સિદ્ધ જગતશિરે શોભતાં, રમતાં આતમરામ;
લક્ષ્મીલીલાની લહેરમાં, સુખિયા છે શિવઠામ—
સિદ્ધની શોભા રે શી કહું ? ૧
મહાનંદઃ અમૃતપદઃ નમો સિદ્ધઃ કૈવલ્યઃ નામ;
અપુનર્ભવઃ બ્રહ્મપદઃ વળી, અક્ષય-સુખઃ શિવરામઃ-સિદ્ધની૦ ૨
સંશ્રયઃ નિઃશ્રેયઃ અક્ષરાઃ દુખ સમસ્તની હાણ;
નિવૃત્તિઃ અપવર્ગતાઃ મોક્ષઃ મુક્તિઃ નિર્વાણઃ-સિદ્ધની૦ ૩
અચળઃ મહોદયપદઃ લહ્યું, જોતાં જગતના ઠાઠ;
નિજ નિજ રૂપે રે જુજુઆ, વીત્યાં કર્મ તે આઠ.-સિદ્ધની૦ ૪
અ-ગુરુ-લઘુ અવગાહના, નામે વિકસે વદન;
શ્રી શુભ વીરને વંદતાં, રહીએ સુખમાં મગન.-સિદ્ધની૦ ૫

શ્રી પર્યુષણ પર્વનું સ્તવન-૧

સુણજો સાજન સંત! પજુસણ આવ્યા રે,
તમે પુણ્ય કરો પુણ્યવંત! ભવિક! મન ભાવ્યાં રે;
વીર જિણેસર અતિ અલવેસર,
વહાલા! મારા પરમેશ્વર એમ બોલે રે;
પર્વમાંહે પજુસણ મહોટાં,
અવર ન આવે તસ તોલે રે-પજુ૦ ૧
ચોપદમાં જેમ કેસરી મોટો,
ખ૦ ખગમાં ગરુડ કહીએ રે,
નદીમાંહે જેમ ગંગા મોટી,
નગમાં મેરુ લહીએ રે. પજુ૦ ૨

અગ્નિદ્યોત આઠમે ભવે, સાઠ લાખ પૂરવ આયજી,
ત્રિદંડી થઈ વિચરે વલી, નવમે ઇશાને જાયજી-અહો૦ ૧
અગ્નિભૂતિ દશમે ભવે, મંદિરપૂરિ દ્વિજ હોયજી,
લાખ છપન્ન પૂરવ આઉખું, ત્રિદંડી થઇ મરે સોયજી-અ૦ ૧
ઇગ્યારમે ભવે તે થયો, સનતકુમારે દેવજી;
નયરી શ્વેતંબીયે અવતર્યો, બારમે ભવે દ્વિજ હેવજી-અ૦ ૧
ચુમાલીશ લાખ પૂરવ આઉખું, ભારદ્વાજ જસુ નામજી;
ત્રિદંડી થઈ વિચરે વલી, મહા ઇંદ્ર તેરમે ભવે ઠામજી-અ૦ ૧
રાજગૃહી નયરી ભવ ચઉદમે, થાવર બ્રાહ્મણ દાખજી;
ચોત્રીશ લાખ પૂરવ આઉખો, ત્રિદંડી લિંગ તે ભાખજી. અ૦-૧
અમર થયો ભવ પન્નરમે, પાંચમે દેવલોકે દેવજી;
સંસાર ભમ્યો ભવ સોલમે, વિશ્વભૂતિ ક્ષત્રી હેવજી-અ૦-

ઢાળ ત્રીજી.

વિશ્વભૂતિ ધારણીનો બેટો, ભુજબલકુઠં સમૂલ સમેટો;
સંભૂતિ ગુરુને તેણે ભેટયો.
સહસ વરસ તિહાં ચારિત્ર પાળી,લહી દીક્ષા આતમ અજુઆળ
તપ કરી કાયા ગાળી
એક દિન ગાય ધસી સીંગાળી, પડયો ભૂમિ તસ ભાઇએ ભાળ
તેહ શું બળ સંભાળી
ગરવે રીસ ચઢી વિકરાળી, શીંગ ધરી આકાશે ઉછાળી;
તસ બળ શંકા ટાળી. ૦
તિહાં અણુસણ નિયાણું કીધું, તપ વેચી બળ માગી લીધું;
અધો પ્રયાણું કીધું; ૫

શ્રી મહાવીરસ્વામિના સત્તાવીશ ભવનું સ્તવન-૧

દોહા

વિમલ કલમદલ લોયણાં, દીસે વદન પ્રસન્ન;
આદર આણી વીરજન, વાંદી કરું સ્તવન. ૧
શ્રી ગુરુતણે પસાઉલે, સ્તવશું વીરજિણંદ;
ભવ સત્તાવીશ વરણવું, સુણજો સહુ આણંદ. ૨
સાંભળતાં સુખ ઉપજે, સમકિત નિર્મળ હોય,
કરતાં જિનની સંકથા, સફળ દહાડો સોય. ૩

ઢાળ પહેલી.

મહાવિદેહ પશ્ચિમ જાણું, નયસાર નામે વખાણું;
નયરતણો છે એ રાણો, અટવી ગયો સપરાણો. ૧
જમવા વેલાએ જાણી, ભક્તિ રસવંતી આણી;
દત્તની વાસના આવી, તપસ્વી જુએ છે ભાવી. ૨
મારગ ભૂલ્યા તે હેવ, મુનિ આવ્યા તતખેવ;
આહાર દીધો પાય લાગી, ઋષિની ભુખ-તૃષા સવિ ભાગી. ૩
ધર્મ સુણ્યો મનરંગે, સમકિત પામ્યો ચંગે;
ઋષિને ચાલતા જાણી, હિયડે ઉલટ આણી. ૪
મારગ દેખાડયો વહેતો, પાછો વલીઓ એમ કહેતો;
પહેલે ભવે ધર્મજ પાવે, અંતે દેવગુરુને ધ્યાવે. ૫
પંચપરમેષ્ઠિનું ધ્યાન, સૌધર્મે પામ્યો વૈમાન;
આઉખું એક પલ્યોપમ. સુખ ભોગવી અનોપમ. ૬
ભવ બીજે, ત્રીજે આયો, ભરત ઘરે સુત જાયો;
ઓચ્છવ માંગલિક કીધું, નામ તે મરિચિ દીધું. ૭

નવ તે ચૌમાસી કર્યા તો,
ભ૦ બે ત્રણ માસી જાણુ તો;
અઢી માસી બે વાર કર્યા તો,
ભ૦ બે માસી છ વાર વખાણુ તો. ૧૦
દોઢમાસી બે વાર કર્યા તો,
ભ૦ માસખમણુ કર્યા બાર તો;
બહોંતેર પાસખમણુ કર્યા તો,
ભ૦ છઠ્ઠ બસેં ઓગણત્રીશ સાર તો. ૧૧
બાર વરસમાં પારણા તો,
ભ૦ ત્રણસેં ને ઓગણપચ્ચાશ તો;
નિદ્રા બે ઘડીની કરી તો,
ભ૦ બેઠા નહીં બાર વરસ તો. ૧૨
કર્મ ખપાવી કેવલ લહ્યું તો,
ભ૦ ત્રિગડે પરષદા બાર તો;
ગણધર પદની થાપના તો,
ભ૦ જગ હુઆ જયજયકાર તો. ૧૩
ગણધરવર ઇગ્યાર હુઆ તો,
ભ૦ ચઉદ સહસ સાધુ સુખકાર તો;
છત્રીશ સહસ સાધવી હુઇ તો,
ભ૦ શિયળ રયણ ભંડાર તો. ૧૪
એકલાખ ઓગણસાઠ હજાર કહ્યા તો,
ભ૦ શ્રાવક સમકિત ધાર તો;
ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકા તો,
ભ૦ એ કહ્યો વીર પરિવાર તો. ૧૫

સત્તરમેં ભવે શુક્રે સુરવર, ચવી અવતરીયો જિહાં પોતનપુર;
પ્રજાપતિ–મૃગાવતી કુંવર. ૬
ચોરાશી લાખ વરસનું આયુ, સાત સુપન સૂચિત સુત જાયો;
ત્રિપૃષ્ઠ વાસુદેવ ગાયો. ૭
ઓગણીશમેં ભવે સાતમી નરકે, તેત્રીશ સાગર આયુ અભંગે;
ભોગવીઉં તનુ સંગે. ૮
વીશમે ભવે સિંહ હિંસા કરતો, એકવીશમે ચોથી નરકે ફરતો;
વચ્ચે વચ્ચે ઘણા ભવ ભમતો; ૯
બાવીશમે ભવે સરળ સ્વભાવી, સુખ ભોગવતાં જસ ગવરાવી;
પુણ્યે શુભ મતિ આવી. ૧૦
ત્રેવીશમે ભવે મૂકાપુરી સુખે, ધનંજય ધારણીની કુખે;
નર અવતરીયો સુખે. ૧૧
ચક્રવર્તિની પદવી લીધી, પોટિલાચાર્ય શું મતિ બાંધી;
શુભગતિ કિરિયા સાધી. ૧૨
કોડી વરસ દીક્ષાનો જાણ, લાખ ચોરાશી પૂરવ પ્રમાણ;
આઉખું પૂરું જાણ. ૧૩
ચોવીશમે ભવે શુક્રે સુરવર, સુખ ભોગવંયા સાગર સત્તર,
તિહાંથી ચવિયો અમર. ૧૪

ઢાળ ચોથી.

આ ભરતે છત્રિકાપૂરી, જિતશત્રુ–વિજયા નાર મેરે લાલ;
પચ્ચીશમે ભવે ઉપનો, નંદન નામ ઉદાર મેરે લાલ.
તીર્થંકર પદ બાંધીએ–૧
લેઇ દીક્ષા સુવિચાર મેરે લાલ, વીશસ્થાનક તપ આદર્યું;
હુઓ તિહાં જસજયકાર મેરે લાલ. તીર્થંકર૦ ૨

બોલે મધુરી વાણુ કે–ગુણનિધિ સુત હોશે એ,
સુખ સંપતિ ઘર વાધશે, સંકટ ભાંજશે એ. ૩
પંડિતને રાય સંતોષિયા, લચ્છી દીએ ઘણી એ,
કહે એહ વાણી સફળ હોજો અમને તુમ તણી એ;
નિજપદ પંડિત સંચર્યા, રાય સુખે રહે એ,
દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહે એ. ૪
માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીં એ,
સાત માસ વોલી ગયા, માય ચિંતા લહે એ;
સહીઅરને કહે સાંભળો, કોણે મારો ગર્ભ હર્યો એ,
હું ભોળી, જાણું નહીં, ફોગટ પ્રગટ કર્યો એ. ૫
સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટળે એ,
તવ જિન જ્ઞાન પ્રયુંજિયું, ગર્ભથી સલસલે એ;
માત–પિતા પરિવારનું, દુઃખ નિવારીઉ એ,
સંયમ ન લેહું માય–તાય, છતાં જિન નિરધારીયું એ. ૬
અણદીઠે મોહ આવડો, વિછુએ કેમ ખમે એ ?,
નવ માસવાડા ઉપરે, દિન સાડાસાતમે એ;
ચૈત્ર શુકલ દિન તેરસે, શ્રી જિન જનમિયા એ,
સિદ્ધારથ ભૂપતિ ભલા, ઓચ્છવ તવ કિયા એ. ૭

વસ્તુ

પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો, જગત શણગાર,
સિદ્ધાર્થ નૃપકુલ-તિલો, કુલમંડણ કુલતણો દીવો;
શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિશલાદેવી સુત ચિરંજીવો,
એમ આશીષ દીએ ભલી, આવી છપ્પન કુમારી;
સૂતિ કર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નારી. ૧

બ્રાહ્મણ માતપિતા હુઆ તો,
ભ૦ મોકલ્યાં મુક્તિ મોઝાર તો,
સુપુત્ર આવો ઇમ કહ્યો તો,
ભ૦ સેવકની કરો સાર તો. ૧૬
ત્રીશ વરસ ગૃહવાસ વસ્યા તો,
ભ૦ બાર વરસ છદ્મસ્થ તો;
ત્રીસ વરસ કેવળ ધર્યું તો,
ભ૦ બહોંતેર વરસ સમસ્ત તો. ૧૭
એણી પેર પાલી આઉખું તો,
ભ૦ દિન દિવાલી જેહ તો;
મહાનંદ પદવી પામીયા તો,
ભ૦ સમરું હું નિત્ય નેહ તો. ૧૮
સંવત્ સોળ બાસઠ વર્ષે તો,
ભ૦ વિજયાદશમી ઉદાર તો,
લાલવિજય બાકતે કહે તો,
ભ૦ વીરજિન ! ભવજળ તાર તો. ૧૯

ઢાળ છઠ્ઠી

સમરણ સુખસંપદ મીલે, ફલે મનોરથ કોડજી;
રોગ વિયોગ સવિ ટલે, ન હોય શરીરે ખોડજી, ૧
આદ્રીઆણાપુર મંડણો, ખંડણો પાપનો પૂરોજી;
જે ભવિયણ સેવા કરે, સુખ પામે તે ભરપૂરોજી. ૨
મૂરત મોહન વેલડી, દીઠે અતિ આણંદોજી;
સિંહાસન બેઠા સોહે સદા, ગગને જિસ્યો રવિ ચંદોજી. ૩

પ્રદક્ષિણા દેઇ ખમાવે, ઓચ્છવ કરે એ;
નાચે સુર, ગાયે ગીત, પુણ્ય-પોત ભરે એ. ૧૨
ઇણે સુખે સ્વર્ગની લીલ, તૃણ સરખી ગણે એ;
જિન મુકી માયની પાસ, પદ ગયા આપણે એ. ૧૩
માય જાગી, જુએ પુત્ર, સુરવરે પૂજીઓ એ;
કુંડલ દોય, દેવદૂષ્ય અમીય અંગુઠે દીઓ એ. ૧૪
જન્મ મહોત્સવ રાય, ઋદ્ધિયે વાધીઓ એ;
સજ્જન સંતોષી નામ, વર્ધમાન થાપીઓ એ. ૧૫

ઢાળ ચોથી.

પ્રભુ કલ્પતરુ સમ વાધે, ગુણ મહિમા પાર ન લાધે;
રૂપે અદ્દભુત અનુપમ અકલ, અંગે લક્ષણ, વિદ્યા સકલ. ૧

મુખ ચંદ્ર, કમલદલ નયણ, સાસ સુરભિગંધ મીઠાં વયણ;
હેમવરણે પ્રભુતનુ શોભાવે, અતિ નિર્મલ વિણ ન્હવરાયે. ૨

તપ તેજે સુરજ સોહે, જોતાં સુરનરનાં મન મોહે;
પ્રભુ રાજકુમર શું વનમાં, માય-તાય આનંદ મનમાં. ૩

બલ અતુલ વૃષભ ગતિ વીર, ઇંદ્રે સભામાં લહ્યો જિન ધીર;
એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને વન રમવાને. ૪

અહિ થઇ વૃક્ષ આમલીયે રાખ્યો, પ્રભુ હાથે ઝાલીને દૂર નાંખ્યો;
વળી બાળક થઇ આવી રમિયો, હારી વીરને ખાંધે લઈ ગમિયો.૫

માય-તાય દુઃખ ધરી કહે મિત્ર !, કોઇ વર્ધમાનને લઈ ગયો શત્રુ;
જાતો સુર વાધ્યો ગગન મિથ્યાત્વી,
વીરે મુષ્ટિએ હણ્યો પડ્યો ધરતી. ૬

ઢાળ ત્રીજી

ચલ્યું રે સિંહાસન ઇંદ્ર, જ્ઞાને નિરખતાં એ,
જાણી જનમ જિણંદ ઇંદ્ર, તવ હરખતા એ. ૧
આસનથી રે ઉઠેવ, ભક્તિએ થુણે એ,
વાગે સુઘોષા ઘંટ, સઘળે રણઝણે એ. ૨
ઇંદ્ર ભવનપતિ વીશ, વ્યંતર તણા એ,
બત્રીશ, રવિ-શશી દોય, દશ હરિ કલ્પના એ. ૩
ચોસઠ ઇંદ્ર આણંદ, પ્રભુમી કહે એ;
રત્નગર્ભા જિન માત, દુજી એસી નહીં, એ. ૪
જન્મમહોત્સવે દેવ સવિહુ આવીયા એ;
માય દેઇ નિદ્રા મંત્ર સુત લઈ મેરુ ગયા એ. ૫
કંચન મણિ ભૃંગાર ગંધોદકે ભર્યા એ;
કિમ કરી સહશે લઘુ વીર ? હરિ સંશય ધર્યા એ. ૬
વહેશે નીર પ્રવાહ, કેમ તે નામીયે એ?
ન કરે નમણ અનાદ, જાણ્યું સ્વામીયે એ! ૭
ચરણ અંગુઠે મેરુ ચાંપી, નાચીઓ એ:
મુજ શિર પર ભગવંત એમ લહી રાચીઓ એ. ૮
ઉલટ્યા સાયર સાત, સરવે જલહલ્યા એ:
પાતાલે નાગેન્દ્ર, સઘળા સલસલ્યા એ. ૯
શિખર ત્રુટે ટુંક, ગડગડી પડ્યા એ:
તીન ભુવનના લોક, કંપિત લડથડ્યા એ. ૧૦
અનંત બલ અરિહંત સુરપતિએ કહ્યું એ:
હું મૂરખ સહી મૂઢ, ખોટડું નવિ લહ્યું એ. ૧૧

આગે માય-તાય વિછોહ રે, તું વળી વ્રત લીયે;
ચાંદે ખારં ન દીજીએ એ. ૨
નીર વિના જિમ મચ્છ રે, વીર વિના તિમ;
ટલવલશું ઈમ સહુ કહે એ. ૩
કૃપાવંત ભગવંત રે, નેહ વિના વલી;
વરસ બે ઝાઝેરાં રહ્યા એ. ૪
ફાસુ લીએ અન્ન-પાન રે, પરઘર નવિ જમે;
ચિત્તે ચારિત્ર ભાવે રમે એ. ૫
ન કરે રાજની ચિંતરે, સુર લોકાંતિક આવી કહે;
સંયમ સમે એ. ૬
બુઝ બુઝ ભગવંત! રે, છોડ વિષય સુખ;
એ સંસાર વધારણો એ. ૭

ઢાળ સાતમી

આલે આલે ત્રિશલાનો કુંવર, રાજા સિદ્ધારથનો નંદન,
દાન સંવત્સરી એ;
એક કોડી આઠ લાખ, દિન પ્રત્યે એ,
કનક રયણ રૂપા મોતી તો, મુઠી ભરી ભરી એ. ૧
ઘણુ કણુ ગજ રથ ઘોડલા એ, ગામ નયર, પુર દેશ તો,
મનવંછિત વલી એ,
નિર્ધનને ધનવંત કીયા એ, તસ ઘર ન ઓળખે નારી;
'તો સમ' કહે વલીવલી એ. ૨
દુઃખ દારિદ્ર ટળ્યા જગતણા એ, મેઘ પરે વરસીદાન તો,
પૃથ્વી અઋણ કરી એ,

પાય નમી નામ દીધું મહાવીર, જેહવો ઇંદ્રે કહ્યો તેવો ધીર;
સુર વળીયો પ્રભુ આવ્યો રંગે, માય-તાયને ઉલટ અંગે. ૭

વસ્તુ

રાય ઓચ્છવ રાય ઓચ્છવ કરે મન રંગ,
લેખનશાળાએ સુત ઠવે, વીર જ્ઞાન રાજા ન જાણે;
તવ સૌધર્મ ઇંદ્ર આવીઆ, ગ્રંથ પૂછે સ્વામી વખાણે,
વ્યાકરણ જૈન તિહાં કીયો આનંદે સુરરાય;
વચન પદે પ્રભુ ભારતી, પંડ્યો વિસ્મય થાય.

ઢાળ પાંચમી

યૌવનવય જબ આવીયા એ,
રાયકન્યા યશોદા પરણાવીઆએ;
વિવાહમહોત્સવ શુભ કીયા એ,
સર્વે સુખ સંસારના વિલસીઆ એ. ૧
અનુક્રમે હુઈ એક કુમરી એ,
ત્રીશ વર્ષ જિનરાજ લીલા કરીએ;
માતા પિતા સદ્ગતિ ગયા એ,
પછે વીર વૈરાગે પૂરિઆ એ. ૨
મયણરાય-સેન જીતીઓ એ,
વીર અથીર સંસાર મન ચિંતિઓ એ;
રાજ-રમણી ઋદ્ધિ પરિહરી એ;
કહે કુટુંબને લેશું સંયમ-સિરી એ. ૩

ઢાળ છઠ્ઠી

વિનવીઓ સુપાસ રે, ભાઈ નંદિવર્ધન:
કહે વત્સ ! ન એમ કીજીએ એ. ૧

ઊનહી વરસે મેઘ બારે, વિજળી ઝબૂકે ઘણી;
એહુ ચરણ ઉપર ડાભ ઉગ્યો, ઇમ સહે ત્રિભુવનધણી. ૪

ઢાળ

એક દીન ધ્યાન પૂરું કરી, પ્રભુ નયરીએ પહોંતા ગોચરી,
તિહાં વૈદ્યે શ્રવણે ખીલા જાણીઆ એ;
પારણું કરી કાઉસ્સગ્ગે રહ્યા, તિહાં વૈદ્ય સંચ ભેલા કીયા;
બાંધીયા વૃક્ષે દોર, ખીલા તાણીઆ એ. ૫

ઢાળ નવમી

જુઓ જુઓ કર્મે શું કીધું રે? અન્ન વર્ષ ઋષભે ન લીધું રે;
કર્મવશ મ કરો કોઈ ખેદ રે, મલ્લીનાથ પામ્યા સ્ત્રીવેદ રે. ૧
કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરકમાંહે પડીઓ રે;
ભરત બાહુબલ શું બડીયો રે, ચક્રી હાર્યો રાય જશ ચડીયો રે. ૨
સનતકુમારે સહ્યા રોગ રે, નલદમયંતી વિયોગ રે;
વાસુદેવ જરાકુમારે માર્યો રે, બલદેવ મોહનીએ ધાર્યો રે. ૩
ભાઈ શબ મસ્તકે વહીઓ રે, પ્રતિબોધ સુર મુખે લહીઓ રે;
શ્રેણિક નરકે એ પહોંતો રે, વન ગયા દશરથ પુત્રો રે, ૪
સત્યવંત હરિશ્ચંદ્ર ધીર રે, ડુંબ ઘરે શિર વહ્યું નીર રે;
કુબેરદત્તને કુયોગ રે, બ્હેન વળી માતાશું ભોગ રે. ૫
પરહાથે ચંદનબાલા રે, સહિયો સુભદ્રાને આલ રે;
મયણરેહા મૃગાંકલેખા રે, દુઃખ ભોગવીઆ તે અનેકા રે. ૬
કરમે ચંદ્ર કલંકયો એ, રાય રંક કોઈ ન મૂકયો રે;
ઇંદ્ર અહલ્યાશું લુબ્ધો રે, રયણાદેવી રવિ માઉ કીધો રે. ૭
ઇશ્વર નારીએ નચાવ્યો રે, બ્રહ્મા ધ્યાનથી ચૂકાવ્યો રે;
અહ! અહ! કરમ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્ધમાન રે. ૮

બહુ નર નારી ઓચ્છવ જુએ એ, સુરનર કરે મંડાણ તો;
જિન દીક્ષા વરી એ. ૩
વિહાર ક્રમ જગગુરુ કીયો એ, કેડે આવ્યો માહણમિત્ર તો:
નારી સંતાપિઓ એ;
જિન! યાચક હું વિસર્યો એ, પ્રભુ ખંધ થકી દેવદુષ્ય તો,
પટ ખંડ કરી દીઓ એ. ૪

ઢાળ આઠમી

જસ ઘર હોય પ્રભુ પારણું, સુર તિહાં કંચન વરસે અતિઘણું;
આંગણું દીપે તેજે તેહુતણું એ, દેવ દુંદુભિ વાજે એ;
તેણે નાદ અંબર ગાજે,
છાજે એ, ત્રિભુવનમાંહે સોહામણું એ. ૧

ત્રુટક

સોહામણું પ્રભુ તપ તપે, બહુ દેશવિદેશે વિચરતા;
ભવિ જીવને ઉપદેશ દેતા, સાતે ઈતિ શમાવતા. ૧
ષટ્ માસ કાઉસ્સગ્ગ રહી, જિન કર્મ કઠિન દહે સહી;
ગોવાળ ગોદોહ ભળાવી ગયા, વીર મુખે બોલે નહી. ૨

ઢાળ

ગોધા સવિ દશ દિશે ગયા, તેણે આવી કહ્યું મુનિ! કિહાં ગયા?
અણબોલ્યા ઉપર કોપિયો રે;
શ્રવણ ઉપર ઠોકી ખીલ, તેણે ઉપસર્ગ ન સહ્યા ધીર,
મહાવીર કર્ણે ખીલા ઠોકિયા રે. ૩

ત્રુટક

[illegible]
[illegible]

કાર્તિક માસે દિન દીવાળી નિરવાણ,
પ્રભુ મુક્તે પહોંતા, પામે નિત્ય કલ્યાણ. ૬

કળશ

ઇમ વીર જિનવર સયલ સુખકર, નામે નવનિધિ સંપજે;
ઘર ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ પામે, એકમના જે નર ભજે. ૧
તપગચ્છ ઠાકુર ગુણ વૈરાગ્યાગર, હીરવિજય સૂરીશ્વરો;
હંસરાજ વંદે મન આણંદે, કહે ધન્ય! મુજ એ ગુરો. ૨

સંમૂચ્છિંમ જીવોને ઉપજવાના ચૌદ સ્થાનકોની સમજુતીનું સ્તવન-૧

ચાલો સહિયરો મંગળ ગાઇએ, લહિએ પ્રભુનાં નામરે—એ આંકણી
પહેલું મંગળ વીર પ્રભુનું, બીજું ગૌતમ સ્વામી રે.
ત્રીજું મંગળ સ્થુલિભદ્રનું, ચોથું મંગલ ધર્મ રે—ચા૦ ૧
જીવની જયણા નિત્યજ કરીએ, સેવિયે શ્રી જિન-ધર્મ રે;
જીવ-અજીવને ઓળખીએ, તો પામીએ સમકિત મર્મ રે—ચા૦ ૨
છાણા ઇંધણાં નિત્ય પુંજીયે, ચુલે ચંદરવો બાંધી રે;
પોચે હાથે વાસીંદુ વાળીએ, દીવે ઢાંકણ ઢાંકી રે—ચા૦ ૩
શિયાળે પક્વાન્ન દીન તીશ, ઉનાળે દિન વીશ રે;
ચોમાસે પંદર દિન માન, ઉપર અભક્ષ્ય ઇશ રે—ચા૦ ૪
ચૌદ સ્થાનકીયા જીવ ઓળખીએ, પન્નવણા સૂત્રની શાખેરે;
વડીનીતિ, લઘુનીતિ, બળખા માંહે અંતર્મુહૂર્ત્ત પાખેરે—ચા૦ ૫
શરીરનો મેલ, નાકનો મેલ, વમન, પિત્ત સાતમે રે;
શુક્ર, શોણિત, મૃતકલેવર, ભીનું કલેવર અગ્યારમે રે—ચા૦ ૬

ઢાળ દશમી

ઇમ કર્મ હણ્યા સવિ ધીર પુરુષ મહાવીર,
બાર વર્ષ તપ્યો તપ તે સઘળો વિણુ નીર;
શાલિવૃક્ષ તળે પ્રભુ પામ્યા કેવળજ્ઞાન,
સમવસરણ રચે સુર, દેશના દે જિન-ભાણ. ૧
અપાપાનયરે યજ્ઞ કરે વિપ્ર જેહ,
સવિ બુઝવી દીખ્યા, વીરને વંદે તેહ:
ગૌતમ ઋષિ આદે ચારશેં ચાર હજાર,
સહસ ચૌદ મુનિવર ગણધર વર અગ્યાર. ૨
ચંદનબાલા મુખ સાધવી સહસ છત્રીશ.
દોઢ લાખ સહસ નવ શ્રાવક ને આરીષ:
ત્રણ લાખ શ્રાવિકા અધિકા સહસ અઢાર,
સંઘ ચતુર્વિધ સ્થાપ્યો, ધન ધન જિન પરિવાર. ૩
પ્રભુ અશોકતરુતળે ત્રિગડે કરેય વખાણ,
સુણે બાર પર્ષદા, યોજન વાણી પ્રમાણ,
ત્રણ છત્ર સોહે શિર, ચામર ઢાળે ઇંદ્ર.
નાટક બહુ બત્રીશ ચોત્રીશ અતિશય જિનચંદ. ૪
ફૂલ પગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ,
નમે સાત સુરાસુર, છાંડી સવિ પરમાદ:
સિં[illegible] સોહે, ધર્મ પ્રકાશે સાર,
ચોવીશમો જિનવર, ઉતારે ભવનો પાર. ૫
પ્રભુ વર્ષ બહોંતેર, પાળી નિર્મળ આચાર,
ત્રિભુવન ઉપકારી, તરણ-તારણ જિનરાજ:

તત્પૂજ્યે જગતાં જિનૈઃ પ્રવચનં દષ્યત્કુવાદ્યાવલી—
રક્ષોભઞ્જન હેતુલાગ્નિ-છતમહો દીર્ણાઙ્ગ્રજાલંકૃતમ્ઃ 3
શીતાંશુત્વિષિ યત્ર નિત્યમદધદ્ ગન્ધાઢચાધૂલીકણા-
નાલી કેસરલાલસા સમુદિતાશુ ભ્રામરીભાસિતા;
પાયાદ્ઃ શ્રુતદેવતા નિદધતી તત્રાબ્જકાન્તી ક્રમૌ,
નાલિકે સરલાલસા સમુદિતા શુભ્રામરીભાસિતા. ૪

[૨]

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષનગરે સિધાયા. ૧
સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી;
દુર્ગતિ દુઃખ ભારી, શોક-સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી,
નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨
સમવસરણ બેઠા. લાગે જે જિનજી મીઠા,
કરે ગણપ પઈટ્ઠા, ઈંદ્ર ચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરિટ્ઠા, ગૂંથતાં ટાળે રિટ્ઠા,
ભવિજન હોય હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા. ૩
સુર સમકિતવંતા, જેહ ઋદ્ધે મહંતા;
જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્નવારો દુરંતા,
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા. ૪

નગરનો ખાળ, અશુચિસ્થાન, સ્ત્રી-પુરૂષ સંગમે રે;
ઉપજે ત્યાં મનુષ્ય સંમૂર્છિમ, સ્થાનક જાણો ચૌદમે રે—ચા૦ ૭
અસંખ્યાતા અંતર્મુહૂર્ત આઉખે, બીજાનો નહીં પાર રે;
બાવીશ ભક્ષ્ય, બત્રીશ અનંતકાય, વર્જે નર ને નાર રે—ચા૦ ૮
આપવેદના પરવેદના સરખી, લેખવીએ આઠે જામ રે;
પદ્મવિજય પસાયથી પામે, જિન તે ઠામો ઠામ રે—ચા૦ ૯



ભાગ ૬ ઠ્ઠો

સ્તુતિઓ

શ્રી ઋષભદેવ સ્વામિની સ્તુતિ-૫

[૧]

ભવ્યામ્ભોજવિબોધનૈકતરણે વિસ્તારિકર્માવલી—
રમ્ભાસામજ નાભિનન્દન મહાનષ્ટાપદાભાસુરૈઃ
ભક્ત્યા વન્દિતપાદપદ્મ વિદુષાં સંપાદય પ્રોજ્ઝિતા—
રમ્ભાસામ જ નાભિનન્દન મહાનષ્ટાપદાભાસુરૈઃ. ૧
તે વઃ પાન્તુ જિનોત્તમાઃ ક્ષતરજો [illegible]—
દારાવિભ્રમરોદિનઃ સુમનસો મન્દારવા રાજિતાઃ
[illegible] પતન્તી[illegible],
દારાવિભ્રમરોદિનઃ સુમનસો મન્દારવારાજિતાઃ. ૨
[illegible]—
[illegible]

સમેતશિખરગિરિ ઉપરે, જેણે અણુસણ કીધા,
કાઉસ્સગ્ગ ધ્યાન મુદ્રા રહી, જેણે મોક્ષજ સિધ્યાં;
જક્ષ ગરુડ સમરું સદા, દેવી નિરવાણી,
ભવિક જીવ! તુમે સાંભળો, ઋષભદાસની વાણી. ૪

[૪]

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ,
ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ;
દ્રવ્ય-ભાવ અરિ-પાંતિ, તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક–સંતાપ–વાંતિ. ૧

દોય જિનવર નીલા, દોય રક્ત રંગીલા,
દોય ધોળા સુશીલા, કાઢતાં કર્મ કીલા;
ન કરે કોઇ હીલા, દોય શ્યામ સલીલા,
સોળ સ્વામિજી પીલા, આપજો મોક્ષલીલા. ૨

જિનવરની વાણી મોહ–વલ્લી કૃપાણી!
સૂત્રે દેવાણી સાધુને યોગ્ય જાણી
અરથે ગુંથાણી દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ૩

વાગીશ્વરી દેવી હર્ષ હિયડે ધરેવી,
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા, વરેવી;
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી,
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ૪



[૩]

પ્રહ ઉઠી વંદું ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહીએ, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇંદ્ર,
જિનના ગુણ ગાવે, સુર નરનારીના વૃંદ. ૧

[૪]

વિમલાચલમંડન જિનવર આદિ જિણંદ,
નિર્મમ નિર્મોહી, કેવળજ્ઞાન દિણંદ:
જે પૂર્વ નવાણું આવ્યા ધરી આણંદ,
શત્રુંજય શિખરે, સમોસર્યા સુખકંદ. ૧

[૫]

ચૈત્રીપૂનમ દિન શત્રુંજય મહિમાણ,
પુંડરિકવર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ:
આદીશ્વર કેરા શિષ્ય પ્રથમ જયકાર,
કેવલ-કમલા-વર, નાભિનરિંદ-મલ્હાર. ૧

પુંડરીક સ્વામિની સ્તુતિ

પુંડરીક મંડણ પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી,
નેમ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢીઆ આણંદાજી:
આગમમાંહિ પુંડરીકમહિમા, ભાખ્યો જ્ઞાનદિણંદાજી,
ચૈત્રી પૂનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી. ૧

શ્રી શાન્તિનાથ ભગવાનની સ્તુતિ-૫

[૧]

શાન્તિ જિનેશ્વર સાહિબા, સંયમ અવધારે,
સુમિત્રને ઘરે પારણું, ભવપાર ઉતારે.

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરીવરં;
વાસુપૂજ્ય ચંપાનયરી સીધ્યા, નેમિ રૈવત ગિરિવરં;
સમ્મેતશિખરે વીશ જિનવર મુક્તિ પહોંચ્યા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદો, સકલ સંઘને સુખકરં. ૨
અગ્યાર અંગ ઉપાંગ બારે, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રંથ પ્રશસ્ત અર્થા, મૂળ ચાર વખાણીએ;
અનુયોગદ્વાર ઉદાર નંદિ સૂત્ર જિનમત ગાઇએ,
વૃત્તિ, ટીકા, ભાષ્ય, ચૂર્ણિ પીસ્તાલીશ આગમ ધ્યાઇએ. ૩
દોય દિશિ બાળક દોય જેને, સદા ભવિયણ સુખકરુ;
દુઃખહરુ અંબ-લુંબ-સુંદર, દુરિત દોહગ અપહરુ;
ગિરનાર મંડણ નેમિ જિનવર ચરણ પંકજ સેવિએ,
ચઉવિહ સંઘ સુપ્રસન્ન મંગલ, કરો અંબા દેવી એ. ૪

[૩]

દુરિત-ભય-નિવારં, મોહ-વિધ્વંસકારં,
ગુણવતમવિકારં, પ્રાપ્તસિદ્ધિમુદારં;
જિનવર જયકારં, કર્મ સંક્લેશહારં,
ભવ-જલ-નિધિ-તારં નૌમિ નેમિકુમારં. ૧
અડ જિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા,
અડ જિનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા;
અડ જિનવર માતા, પ્રાપ્ત માહેન્દ્ર સાતા,
ભવ ભય જિન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા. ૨
ઋષભ જનક જાવે, નાગસુર ભાવ પાવે,
ઈશાન સગ કહાવે, શેષ કાંતા સ્વભાવે;

શ્રી નેમિનાથ સ્વામિની સ્તુતિઓ-૩

[૧]

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાળથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવળસિરિ સારી પામિયા ઘાતી વારી. ૧
ત્રણ જ્ઞાન સંયુક્તા, માતની કુખે હુંતા,
જનમે પુરહૂંતા આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત ધરંતા, પાંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ૨
સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે. ૩
શાસનસુરી સારી અંબિકા નામ ધારી,
જે સમકિતી નર નારી પાપ સંતાપ વારી;
પ્રભુસેવાકારી જાપ જપીએ સવારી,
સંઘદુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

[૨]

સુર અસુર વંદિત-પાય પંકજ, મયણ-મલ્લઅક્ષોભિતં,
ઘન સઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં;
શિવાદેવીનંદન ત્રિજગવંદન ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદુ, નેમિનાથ જિનેશ્વરં. ૧

તિણ શું તુમે પૂજો ચઉવીશે જિણંદ,
જેમ દેહ દુઃખ જાવે, આવે ઘર આણંદ. ૨
ત્રિગડે જિન બેઠા સોહિયે સુંદર રૂપ.
તસ વાણી સુણવા, આવી પ્રણમે ભૂપ;
વાણી જોજનની સુણજો ભવિયણ સાર,
તે સુણતાં હોશે પાતિકનો પરિહાર. ૩
પાય રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરના ઝણકાર,
પદ્માવતી ખેલે પાર્શ્વ તણા દરબાર;
સંઘ વિઘ્ન હરજો કરજો જયજયકાર,
એમ સૌભાગ્યવિજય કહે, સુખસંપત્તિ દાતાર. ૪

[૩]

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જિનવર જાયા, સુર હુલરાયા, હુવા રમણી પ્રિયે,
નેમિ-રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે. ૧
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધૂરે જિનપતિ,
પાસ ને મલ્લી ત્રય શત સાથે, બીજા સહસે વ્રતી;
ખટશત સાથે સંયમ ધરતા વાસુપૂજ્ય જગધણી,
અનુપમ લીલા, જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨
જિન મુખ દીઠી, વાણી મીઠી, સુરતરુ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત દીઠું સ્વર્ગે મીઠું, સુરવધૂ ગાવતી. ૩

પદ્માસન સોહાવે, નેમ આદ્યંત પાવે,
શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિ સૂત્રે પઠાવે. ૩
વાહન પુરુષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી,
ગોમેધ ને પટ પાણી, સિંહ બેઠી વખાણી;
તનુ કનક સમાની, અંબિકા ચાર પાણી,
નેમ ભક્તિ ભરાણી, વીરવિજયે વખાણી. ૪

શ્રી પાર્શ્વનાથ સ્વામિની સ્તુતિ-૩

[૧]

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત! અલવેસરુ. ૧
દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચનવર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાખિયો, ગણધર તે હૈડે રાખિયો;
તેહનો રસ જેણે ચાખિયો, તે હુવો શિવસુખ સાખિયો. ૩
ધરણેન્દ્રરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, નયવિમલનાં વંછિત પૂરતી. ૪

નમદખિલ-સુરેન્દ્રાઃ પાપ-પઙ્કે દિનેન્દ્રાઃ,
કુમત-મૃગ-મૃગેન્દ્રાઃ, કર્મવૃક્ષે ગજેન્દ્રાઃ,
સુ-ગુણ-મણિ-સમુદ્રાઃ, સાધુ-ચકોર-ચન્દ્રાઃ,
ગત-ઘનતર-તન્દ્રાઃ, પાન્તુ વઃ શ્રી-જિનેન્દ્રાઃ. ૨
જિન-વદન-હ્રદાન્તા-ન્નિર્ગતા વાર્દ્ધિકાન્તા,
સુ-પદ-સલિલ-પૂતા, પાપ-પઙ્કૌઘ-હર્તા;
જનન-મરણ-નિત્યા, દ્વાદશાઙ્ગી વિચિત્રા,
મુનિજન-હિત-કર્તા, મોક્ષ-સૌખ્ય-પ્રદાતા. ૩
જિન-નયન-કુરઙ્ગી, શ્યામ-વેણી-ભુજઙ્ગી,
જિન-મુખ-કજ-ભૃઙ્ગી, શ્વેત-વસ્ત્રેઽઙ્ગતાઙ્ગી;
નિબિડ-જડિમ-રોગ-ધ્વંસને-માતુલિઙ્ગી,
શ્રુત-નિચય-વરાઙ્ગી, દેહિ મે દેવિ! સદ્ગીઃ ૪

અજિતનાથ જિન સ્તુતિ-૧

જબ ગરભે સ્વામી, પામી વિજયા નાર,
જીતે નિત્ય પિઉને અક્ષ ક્રીડન હુશિયાર;
તીણે નામ અજિત છે, દેશના અમૃતધાર,
મહાયક્ષ અજિતા, વીર વિઘ્ન અપહાર. ૧

સંભવનાથ જિન સ્તુતિ-૧

*સંભવ સ્વામી સેવીએ, ધન્ય સજ્જન દીહા,
જિનગુણ માળા ગાવતાં, ધન તેહની જીહા;
વયણ સુગંગ તરંગમાં, ન્હાતાં શિવગેહી,
ત્રિમુખસુર દુરિતારિકા, શુભ વીર સનેહી.

*સ્તુતિ-ચૈત્યમાં આ સ્તુતિઓ ચારે વખત બોલી શકાય છે.

ગજ-મુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપ-વાહી, કાયા જસ શ્યામલી;
ચઉ કર પ્રૌઢા, નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન-કાન્તિ, પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી. ૪

શ્રી મહાવીર સ્વામિની સ્તુતિ-૫

[૧]

જય જય ભવિહિતકર વીર જિનેશ્વર દેવ,
સુર-નરના નાયક જેહની સારે સેવ;
કરુણા-રસ-કંદો વંદો આનંદ આણી,
ત્રિશલાસુત સુંદર ગુણ-મણિ કેરો ખાણી. ૧

જસ પંચ કલ્યાણક દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન, જન્મ, વ્રત, નાણ, અને નિરવાણ,
સવિ જિનવર કેરાં એ પાંચે અહિઠાણ. ૨

જિહાં પંચ સમિતિયુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પરકાશ્યા વળી પાંચે વ્યવહાર;
પરમેષ્ઠિ, અરિહંત, નાથ, સર્વજ્ઞ ને પારગ,
એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩

માતંગ સિદ્ધાઈ દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ જે ટાળે નિતમેવી;
શાસન સુખદાયી આઈ સુણો અરદાસ,
શ્રી જ્ઞાનવિમલ ગુણ પૂરે વાંછિત આશ. ૪

સુવિધિનાથ જિન સ્તુતિ-૧

સુવિધિ સેવા કરતા દેવા, તજી વિષય વાસના;
શિવસુખદાતા જ્ઞાતા ત્રાતા, હરે દુઃખ દાસના;
નય-ગમ-ભંગે રંગે ચંગે, વાણી ભવહારિકા;
અમર અજિતા મોહાતીતા, વીર રચે સુતારિકા.

શીતલનાથ જિન સ્તુતિ-૧

શીતલ પ્રભુ દર્શન, શીતલ અંગ ઉવંગે,
કલ્યાણક પાંચે, પ્રાણી-ગણ સુખ સંગે;
તવ વચન સુણંતા, શીતલકો મનહીં લોકા,
શુભ વીર તે બ્રહ્મા, શાસનદેવી અશોકા.

શ્રેયાંસનાથ જિન સ્તુતિ-૧

શ્રી શ્રેયાંસ સુહંકર પામી, ઇચ્છે અવર ગુણ દેવાજી,
કનકતરુ સેવે કુણ? પ્રભુને, છંડી સુરતરુ સેવાજી;
પૂર્વાપર અવિરોધી સ્યાત્પદ-વાણી સુધારસ વેલીજી,
માનવી મણુઓ સુર સુપસાયે, વીર હૃદયમાં ફેલીજી.

વાસુપૂજ્ય જિન સ્તુતિ-૧

વિમલગુણ અગારં, વાસુપૂજ્યં સકારં,
નિહત-વિષય-વિકારં, પ્રાપ્ત-કૈવલ્ય-સારમ્;
વચન-રસ-ઉદારં, મુક્તિતત્ત્વં વિચારં,
વીર વિઘન નિવારં, સ્તૌમિ ચંડી કુમારમ્.

વિમલનાથ જિન સ્તુતિ-૧

વિમલનાથ વિમલ ગુણ વર્યા, જિનપદભોગી ભવ નિસ્તર્યા;
વાણી પાંત્રીશ ગુણ લક્ષણી, છમ્મુહ સુર પ્રવરા જક્ષણી.

જ્ઞાનાનંદ વિમલ પુરઃસર,
ધરણપ્રિયા શુભ વીર કુબેર. ૧

શ્રી મુનિસુવ્રતસ્વામીની સ્તુતિ-૧

સુવ્રતસ્વામિ, આતમરામી, પૂજો ભવિ ! મન રૂલી,
જિનગુણ થુણિએ, પાતક હણીએ, ભાવસ્તવ સાંકલી;
વચને રહીએ, જુઠ ન કહીએ, ટલે ફલવંચકો,
વીરજિણપાસી નરદત્તા વરુણ જિનાર્ચકો. ૧

શ્રી નમિનાથ સ્વામીની સ્તુતિ-૧

શ્રી નમિનાથ સોહામણા એ, તીર્થપતિ સુલતાન તો
વિશ્વંભર અરિહા પ્રભુ એ, વીતરાગ ભગવાન તો;
રત્નત્રયી જસ ઉજલી એ, ભાખે ષટ્દ્રવ્ય જ્ઞાન તો,
ભ્રૃકુટી સુર ગંધારિકા એ, વીર હૃદય બહુમાન તો. ૧

શ્રી નેમિનાથ સ્વામીની સ્તુતિ-૧

ગિરનારે ગરવો વ્હાલો નેમજિણંદ,
અષ્ટાપદ ઉપરે પૂજી ધરો આણંદ;
સિદ્ધાંતની રચના ગણધર કરે અનેક,
દિવાળી દિવસે દ્યો અંબાઇ વિવેક. ૧

શ્રી ભીડભંજન પાર્શ્વનાથની સ્તુતિ-૧

ભીડભંજન પાસ પ્રભુ સમરો,
અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિનઆગમ અમૃતપાન કરો;
શાસનદેવી સવિ વિઘ્ન હરો. ૧

અનંતનાથજીની સ્તુતિ-૧

જ્ઞાનાદિકા ગુણવરા, નિવસન્ત્યનન્તે,
વજ્રી-સુપર્વ-મહિતો જિન-પદ-પદ્મે;
અંધાજીંવે મતિવરા પ્રણમન્તિ ભક્ત્યા,
પાતાલ ચાંકુશી સુરી, શુભ-વીર-દક્ષા.

શ્રી ધર્મનાથ સ્વામિની સ્તુતિ-૧

સખિ ધર્મ જિણેસર પૂજીએ,
જિન પૂજે મોહને ધ્રુજીએ;
પ્રભુ વયણ સુધારસ પીજીએ,
કિન્નર કંદર્પા રીજીએ. ૧

શ્રી કુંથુનાથ ભગવાનની સ્તુતિ-૨

વશી કુંથુ નતી તિલકો જગતિ,
મહિમા મહતી નત ઇંદ્રતતિ;
પ્રથિતાગમજ્ઞાનગુણા વિગતા,
દાભવીર મતા ગાંધર્વબલા. ૧

આણુરંગી સમકિતસંગી, વિવિધ ભંગી વ્રતધારીજી,
ચઉવિહ સંઘ તીરથ રખવાળી, સહુ ઉપદ્રવ હરનારીજી;
પંચાંગુલી સુરી શાસનદેવી, દેતી જસ તસ ઋદ્ધિજી,
શ્રી શુભવીર કહે શિવસાધન, કાર્ય સકળમાં સિદ્ધિજી. ૪

શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ. ૧

પરમ સુખ વિલાસી, શુદ્ધ ચિદ્રૂપ ભાસી,
સહજ રુચિ વિકાસી, મોક્ષ આવાસ વાસી;
મદ મદન વિનાશી, વિશ્વથી જે ઉદાસી,
ઋષભ જિન અનાશી, વંદીયે તે નિરાશી. ૧

જિનવર હિતકારા, પ્રાપ્ત-સંસાર-પારા,
કૃત-કપટ-વિદારા, પૂર્ણ-પુણ્ય-પ્રચારા;
કલિમલ-મલહારા, મર્દિતાનંગચારા,
દુઃખવિપિનકુઠારા, પૂજીયે પ્રેમ-ધારા. ૨

પ્રબલ-નયન-પ્રકાશા, શુદ્ધ-નિક્ષેપ-વાસા,
વિવિધ-નય-વિલાસા, પૂર્ણ-નાણાવભાસા;
પરિહરિત-કદાશા, દત્ત-દુર્વાદિ-વાસા,
ભવિજન સુણિ ખાસા, જૈનવાણી જયાસા. ૩

સકલ-સુર-વિશિષ્ટા, પાલિતાનેકશિષ્ટા,
ગરિમ-ગુણ-ગરિષ્ટા, નાસિતાશેષ-રિષ્ટા;
જનમ-મરણ-નિષ્ટા, દાનલીલાપદિષ્ટા,
હરતુ સકલ દુષ્ટા, દેવી ચક્રા વરિષ્ટા. ૪

વીશ વિહરમાન જિનને વંદું રે,
જિનશાસન પૂજી આણંદું રે;
ચંદા એટલું કામજ કરજો રે,
સીમંધરને વંદણા કહેજો રે. ૨
સીમધર જિનની વાણી રે,
તે તો અમિયપાન સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે,
ભવસંચિત પાપ ગમાવો રે. ૩
સીમંધર જિનની સેવા રે,
તે તો શાસન ભાસન મેવા રે;
ચંદા હોજો સંઘના ત્રાતા રે,
ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

પંચમીની સ્તુતિ. ૧

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિજિણંદ તો,
શ્યામવરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટ કરમ હેલા હણીએ, પહોતા મુક્તિ મહંત તો. ૧
અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતા મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિરવાણ તો,
સમેતશિખર વીશ સિધ્ધ હુવાએ, શિર વહુ તેહની આણ તો. ૨
નેમનાથ જ્ઞાની હુવા એ, ભાખે સત્ય વચન તો,
જીવદયા ગુણવેલડી એ, કીજે તાસ જતન તો;

એકાદશ્યાદિ-પર્વેન્દુમણિમતિદિશન્ ધીવરાણાં મહાર્થ્યં,
સન્યાયામ્ભશ્ચ નિત્યં પ્રવિતરતુ સ નઃ સ્વપ્રતીરે નિવાસમ્. ૩
તત્પર્વોદ્યાપનાર્થં સમુદિતસુખિયાં શંભુસંખ્યા-પ્રમેયા-
ન્યુત્કૃષ્ટાં વસ્તુવીથી-મભયદસદને પ્રાભૃતીકુર્વતાં તામ્;
તેષાં સઞ્ચાક્ષપાદૈઃ પ્રલપિતમતિભિઃ પ્રેતભૂતાદિભિર્વા,
દુષ્ટૈ-ર્જન્યં ત્વજન્યં હરતુ હરિતનુન્યસ્તપાદાંબિકાખ્યા. ૪

શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

[૧]

જિનશાસન વંછિત પૂરણ દેવ રસાળ,
ભાવે ભવી ભણિયે સિદ્ધચક્ર ગુણમાળ;
તિહુંકાળે એહની પૂજા કરે ઉજમાળ,
તે અજર અમરપદ સુખ પામે સુવિશાળ. ૧
અરિહંત સિદ્ધ વંદો આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણ ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત સિદ્ધચક્ર સુખદાય;
એ ધ્યાને ભવિનાં ભવકોટી દુઃખ જાય. ૨
આસો ચૈતરમાં સુદ સાતમથી સાર;
પુનમ લગી કીજે નવ આંબિલ નિરધાર,
દોયસહસ ગણેવું પદસમ સાડાચાર,
એકાશી આંબિલ તપ આગમ અનુસાર. ૩
શ્રી સિદ્ધચક્રનો સેવક શ્રી વિમલેસરદેવ,
શ્રીપાલતણી રે સુખ પૂરે સ્વયમેવ;
દુઃખદોહગ નાવે જેહ કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરુનો રામ કહે નિત્યમેવ. ૪



[૨]

પ્રહ ઉઠી વંદું સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ જે કરે થઈ ઉજમાળ,
તે સવિ સુખ પાવે, જિમ મયણા શ્રીપાલ. ૧
માલવપતી પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મસંયોગે, કોઢી મિલિયો કંત;
ગુરુવચને તેણે, આરાધ્યું તપ એહ,
સુખસંપદ વરીયા તરીયા ભવજળ તેહ. ૨
આંબીલ ને ઉપવાસ, છઠ્ઠ વળી અઠ્ઠમ,
દશ અઠ્ઠાઈ પંદર માસ છ માસ વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહી શિરદાર,
જે ભવિયણ કરશે તે તરશે સંસાર. ૩
તપ સાનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વરયક્ષ,
સહુ સંઘના સંકટ ચૂરે થઈ પ્રત્યક્ષ..

[૩]

વરસ દિવસમાં અષાડ ચોમાસ, તેમાં વળી ભાદરવો માસ;
આઠ દિવસ અતિ ખાસ.
પર્વ પજ્જુસણ કરો ઉલ્લાસ, અટ્ઠાઈધરનો કરવો ઉપવાસ;
પોસહ લીજે ગુરુ પાસ.
વડા કલ્પનો છટ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે;
ચૌદ સુપન વાંચીજે.
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય;
વીર જિણેસર રાય. (૧)
બીજ દિને દીક્ષા અધિકાર સાંજ સમય નિર્વાણ વિચાર,
વીર તણો પરિવાર.
ત્રીજ દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વળી નેમિસરનો અવદાત;
વળી નવ ભવની વાત.
ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ;
તાસ વખાણ સુણીશ.
ધવળ મંગળ ગીત ગહુંલી કરીયે, વળી પ્રભાવના નિત અનુસરીએ;
અટ્ઠમ તપ જય વરીયે. (૨)
આઠ દિવસ લગે અમર પળાવો, તેહતણો પડહો વજડાવો;
ધ્યાન ધરમ મન ભાવો.
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય;
બારસેં સૂત્ર સુણાય.
થિરાવલી ને સામાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી;
સાંભળજો નરનારી.

સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણે સુણીને, સફળ કરો અવતાર. ૩
સહુ ચૈત્ય જુહારી, ખમત-ખામણાં કીજે,
કરી સાહમ્મિવચ્છલ, કુગતિ-દ્વાર પટ દીજે;
અઠ્ઠાઈ-મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઈ,
ઇમ કરતાં સંઘને, શાસનદેવ સહાઈ. ૪

[૨]

સત્તરભેદી જિનપૂજા રચીને સ્નાત્ર મહોત્સવ કીજે જી,
ઢોલ દદામા ભેરી નફેરી ઝલ્લરીનાદ સુણીજે જી;
વીરજિન આગળ ભાવના ભાવી માનવભવ ફળ લીજે જી,
પર્વ પજુસણ પૂરવ પુણ્યે આવ્યા એમ જાણીજે જી. ૧
માસ પાસ વળી દશમ દુવાલસ ચત્તારી અઠ્ઠ કીજે જી,
ઉપર વળી દશ દોય કરીને જિન ચોવીસે પૂજીજે જી;
વડા કલ્પનો છઠ્ઠ કરીને વીરચરિત્ર સુણીજે જી,

આગમ સૂત્રને અણુમીશ, કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ;
શાસ્ત્ર સર્વે સુણીશું. (૨)
સત્તરભેદી જિનપૂજા રચાવો, નાટકકેરા ખેલ મચાવો;
વિધિશું સ્નાત્ર ભણાવો.
આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ;
સંઘ સર્વને ખમીએ.
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે.
શ્રી વિજયાણંદસૂરિ ગણધાર, જસવંતસાગર ગુરુ ઉદાર,
જિનેન્દ્રસાગર જયકાર. (૪)

પર્યુષણપર્વની સ્તુતિ

પુન્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્ગુરુ સંગે ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ૧

જિનેન્દ્રવાક્યં પ્રથિતપ્રભાવં, કર્માષ્ટકાનેકપ્રભેદસિંહમ્;
આરાધિતં શુદ્ધમુનીન્દ્રવર્ગૈ-ર્જગત્યમેયં જયતાત્ નિતાન્તમ્. ૩
સમ્યગ્દશાં વિઘ્નહરા ભવન્તુ, માતંગયક્ષાઃ સુરનાયકાશ્ચ;
દીપાલિકાપર્વણિ સુપ્રસન્નાઃ, શ્રીજ્ઞાનસૂરિવરદાયકાશ્ચ. ૪

શ્રી વીશસ્થાનકની સ્તુતિ

પૂછે ગૌતમ વીરજિણંદા, સમવસરણ બેઠા શુભકંદા;
પૂજિત અમર સુરીંદા.
"કેમ નિકાચે પદજિનચંદા! કિણુવિધ તપ કરતાં બહુ ફંદા!
ટળે દુરિત-દંદા!"
તો ભાખે પ્રભુજી ગતનિંદા, સુણ "ગૌતમ! વસુભૂતિનંદા!
નિર્મળ તપ અરવિંદા!
વીશસ્થાનક તપ કર મહંદા, જિમ તારક સમુદાયે ચંદા;
તિમ એ તપ સવિઇંદા. ૧
પ્રથમપદ અરિહંત ભણીજે, બીજે સિદ્ધ પવયણ પદ ત્રીજે;
આચરજ થિર ઠવીજે.
ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજે, નાણ દંસણપદ વિનય વહીજે;
અગીયારમે ચારિત્ર લીજે.
બંભવયધારિણં ગણીજે, કિરિયાણં તવસ્સ કરીજે,
ગોયમ જિણાણં લહીજે.
ચારિત્ર નાણ સુઅસ્સ તિત્થસ્સ કીજે,
ત્રીજે ભવ તપ કરત સુણીજે, એ સવિજિન તપ લીજે. ૨
આદિ નમો પદ સઘળે ઠવીશ, બાર પન્નર વળી બાર છત્રીશ;
દશ પચ્ચીશ સગવીશ.

પંચતીર્થ સ્તુતિ

શ્રીશત્રુંજયમુખ્યતીર્થતિલકં શ્રી નાભિરાજાંગજં,
વન્દે રૈવતશૈલમૌલિમુકુટં શ્રી નેમિનાથં તથા;
તારંગેઽપ્યજિતં જિનં ભૃગુપુરે શ્રી સુવ્રતં સ્થંભને,
શ્રીપાર્શ્વં પ્રણમામિ સત્યનગરે શ્રી વર્ધમાનં ત્રિધા. ૧
વંદેઽનુત્તરકલ્પતલ્પભવને ગ્રૈવેયકે વ્યન્તરા,
જ્યોતિષ્કામરમન્દરાદ્રિવસતીસ્તીર્થંકરાનાદરાત્;
જંબૂ-પુષ્કરધાતકિષુ રુચકે નંદીશ્વરે કુંડલે,
યે ચાન્યેઽપિ જિના નમામિ સતતં તાન્ કૃત્રિમાકૃત્રિમાન્. ૨
શ્રીમદ્વીરજિનાસ્યપદ્મહૃદતો નિર્ગત્ય તં ગૌતમં,
ગંગાવર્ત્તનમેત્ય યા પ્રવિશતિ મિથ્યાત્વજેતા[illegible];
ઉત્પત્તિવિપત્તિસંતતિવિપથગા જ્ઞાનામ્બુના પૂરિતા,
સા મે કર્મમલં હરત્વવિકલં શ્રીદ્વાદશાંગી નદી. ૩
[illegible]વિશદ[illegible] પૂર્ણેન્દુ[illegible],
[illegible] ભારતી;
[illegible]-[illegible],
[illegible] ૪

ક્રોધ-અનુબંધ નવિ રાખીએ, ભાખિએ વયણ મુખે સાચ રે;
સમકિત-રત્નરુચિ જોડીએ, છોડીએ કુમતિ-મતિ-કાચ રે. ૩
શુદ્ધપરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં-શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે. ૪
જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક-સંદેહ રે;
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે.
શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ-ચકચુર રે;
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન-આનંદ-ભરપૂર રે.
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂળ-ઉત્તર-ગુણે જે વર્યા, ભવ-તર્યા ભાવ-નિર્ગ્રંથ રે.
શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વર-દયા-ભાવ રે;
જે સુખ હેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવ રે.
ચારનાં શરણ જે પડિવજે, વલી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિએ, જેમ હોયે સંવર-વૃદ્ધ રે.
ઇહભવ પરભવ આચર્યા, પાપ-અધિકરણ મિથ્યાત રે;
જે જિનાઽઽશાતનાદિક ઘણાં, નિંદીએ તેહ ગુણઘાત રે.
ગુરુતણાં વચન તે અવગણી, ગુંથિયા આપમત જાલ રે;
બહુપરે લોકને ભોળવ્યા, નિંદીયે તેહ જંજાલ રે.
જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયા, કીધલો કામ ઉન્માદ રે.
જેહ ધન-ધાન્ય-મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુવા, જે કીધા કલહ-ઉપાય રે.
જુઠ જે આલ પરને દિયા, જે કર્યાં પિશુનતા પાપ રે;
રતિ-અરતિ-નિંદ-માયા-મૃષા, વલિય મિથ્યાત્વ-સંતાપ રે.

પાંચ અરદશ તેર ગણીશ, સિત્તેર નવ કિરિયા પચવીશ;
બાર અઠ્ઠાવીસ ચોવીશ.
શત્તર એકાવન પિસ્તાલીસ, પાંચ લોગસ્સ કાઉસગ્ગ કહીશ;
નવકારવાળી વીશ.
એક એક પદે ઉપવાસજ વીશ, માસપટે એક ઓળી કરીશ.
એમ સિદ્ધાંત જગીશ. ૨
શાંતે એકાસણું તિવિહાર, છઠ્ઠ અઠ્ઠમ માસખમણ
ઉદાર: પડિક્કમણું દોયવાર.
ઇત્યાદિક વિધિ ગુરુગમધાર, એકપદ આરાધન ભવપાર.
ઉજમણું વિવિધ પ્રકાર.
આનંદઘન હર્ષ મનોહર, દેવી સિદ્ધાઈ શાસન સુખકાર
દિન-દિન [illegible].
દાનવિજય [illegible]
ધીરવિજય [illegible]. ૩

વિભાગ ૭ મો.

સજ્ઝાયો.

પાન સમારે બીડું વાળી, માંહી કપુરનો વાસ;
એમ કરી મુજ પદ્મિણી આપે, તે મૂકી નિરાશ કે. રા૦ ૧૯
પંચ વિષય હું ભોગ ભોગવતો, જાતો કાળ ન જાણ્યો;
એક દિવસ મુજ રોગ ઉપન્યો, નવિ શમે તે ચિત્ત આણ્યો કે. રા૦ ૨૦
કાકા-કાકી, ફુઆ, ભાણેજી, મામા, માસા, મામી,
નેહ ધરે માસી મુજ અધિકો, જાણે કે અંતરજામી કે. રા૦ ૨૧
માય, તાય, બંધવ મુજ ભગિની, દુઃખ નવિ લીઓ જાય;
નારી મુખ વિલપંતી બોલે એ, દુઃખ અમ ન સહાય કે. રા૦ ૨૨
તિણ વેદન મુજ નિંદ ન આવે, અન્ન પાન નવિ ભાવે;
યંત્રમંત્ર કીધા ઘણેરા, તો પણ દુઃખ નવિ જાવે કે. રા૦ ૨૩
વૈદ્ય જાણ તેડયા તિણીવારે, દીધા બહુલા દામ;
ઔષધ ભેષજે ગુણ નવિ થાયે, વિલખાણા તે તામ કે. રા૦ ૨૪
ચિત્ત ચોખે કરી મેં રે વિચાર્યું, એકલડો વનવાસી;
એ સંસારતણાં દુઃખ વિરૂઆ, ગઇ વેદના તવ નાશી કે. રા૦ ૨૫
દિનકર ઉગે તમ જિમ નાશે, તિમ મુજ વેદના ભાગી;
સંયમ વરિયો વેદન હરીયો, સમતાશું લય લાગી કે. રા૦ ૨૬
મગધાધીપ હરખ્યો મનમાંહી, વચન કહે રે વિચારી;
"નાથપણું તુમને મુનિ સાચું, આપ તર્યા પર તારી કે"
રાજન પંચમહાવ્રતધારી. ૨૭
શીશ નમાવી પાયે લાગી, પછી છોડયું મિથ્યાત;
યોગીસરને ધ્યાને લીનો, અજુવાળે કુળજાત કે. રા૦ ૨૮
ઋષિ અનાથી ચારિત્ર પાળી, પહોંચ્યા શિવપુર ઠામ;
કનકવિજય બુધચરણે મધુકર, ઇમ બોલે મુનિરામ કે. રા૦ ૨૯

પડિક્કમણાની સજ્ઝાય

કર પડિક્કમણું ભાવશુંજી, સમ-ભાવે મન લાય;
અ-વિધિ-દોષ જો સેવશોજી, તો નહિ પાતક જાય. ચેતનજી !૦
એમ કેમ તરશોજી ? ૧
સામાયિકમાં સામટીજી, નયણે નિદ્રા ભરાય;
વિકથા કરતાં પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી! ૨
કાઉસ્સગ્ગમાં ઉભા રહીજી, કરતાં દુઃખે રે પાય;
નાટક–પ્રેક્ષણ જોવતાંજી, ઉભા રયણી જાય. ચેતનજી !૦ ૩
સંવરમાં મન નવિ રુચેજી, આશ્રવમાં હુશિયાર;
સૂત્ર સુણે નહિ શુભ-મનેજી, વાત સુણે ધરી પ્યાર. ચેતનજી !૦ ૪
સાધુ–જનથી વેગલોજી, નીચશું ધારે નેહ;
કપટ કરે કોડો ગમેજી, ધર્મમાં ધ્રૂજે દેહ. ચેતનજી !૦ ૫
ધર્મની વેલા નવિ દીએજી, ફુટી કોડી રે એક;
રાઉલમાં રૂંધ્યો થકોજી, ખુણે ગણી દીયો છેક. ચેતનજી !૦ ૬
જિનપૂજાઃ ગુરુવંદનાજીઃ, સામાયિક પચ્ચક્ખાણ;
નવકારવાલીઃ નવિ રુચેજી, કરે મન આર્તધ્યાન. ચેતનજી !૦ ૭
ક્ષમાઃ દયાઃ મન આણીયેજી, કરીએ વ્રત પચ્ચક્ખાણ;
ધરીયેં મનમાંહી સદાજી, ધર્મઃ શુકલઃ દોય ધ્યાન. ચેતનજી !
એમ ભવ તરશોજી. ૮
શુદ્ધ મને આરાધશોજી, જો ગુરુના પદ-પદ્મ;
રૂપવિજય કહે "પામશોજી, તો સુર-શિવસુખ સદ્મ" ચેતનજી !
એમ ભવ તરશોજી. ૯

[૨]

શ્રેણિક રયવાડી ચડ્યો, પેખિયો મુનિ એકાંત;
વર-રૂપ કાંતે મોહિયો, રાય પૂછે રે "કહોને વીરતંત;"
શ્રેણિકરાય! હું રે અનાથી નિર્ગ્રંથ, તિણે મેં લીધો રે,
સાધુજીનો પંથ. શ્રેણિક૦ ૧

ઈણે કોસંબી-નયરી વસે, મુજ પિતા પરિગળ-ધન્ન;
પરિવાર પૂરે પરિવર્યો, હું છું તેહનો રે પુત્ર રતન્ન. શ્રેણિક૦ ૨

એક દિવસ મુજ વેદના, ઉપની મેં ન ખમાય;
માત-પિતા ઝૂરી રહ્યા, પણ કિણહિ રે તે ન લેવાય. શ્રેણિક૦ ૩

ગોરડી ગુણ-મણિ-ઓરડી-મોરડી અબળા નાર;
કોરડી પીડા મેં સહી, કોણે કીધી રે મોરડી સાર. શ્રેણિક૦ ૪

એસા શ્રાપ દિયા દેરાણી, "તુમ સંતાન અમ હોજો"
કર્મ આગળ કોઈનું નહિ ચાલે, ઇંદ્ર ચક્રવર્તિ જો જો. ગૌ૦ ૫
ભરતરાય જબ ઋષભને પૂછે, 'એહમેં કોઈ જિણિન્દા !
મરીચિ પુત્ર ત્રિદંડી તેરો, ચોવીશમો જિણુન્દા" ગૌ૦ ૬
કુળનો ગર્વ કીયો મેં ગૌતમ ! ભરતરાય જબ વંદ્યા;
મન-વચ-કાયાએ કરીને, હરખ્યો અતિ આણન્દા. ગૌ૦ ૭
કર્મસંયોગે ભિક્ષુકકુળ પાયા, જન્મ ન હોવે કબહી;
ઇંદ્ર અવધિએ જોતાં અપહર્યો, દેવભુજંગમ તબહી. ગૌ૦ ૮
બ્યાશીદિન તિહાં કણે વસીયો,હરિણેગમેષી જબ આયા;
સિદ્ધારથ-ત્રિશલાદે રાણી, તસ કૂખે છટકાયા. ગૌ૦ ૯
ઋષભદત્ત ને દેવાનન્દા, લેશે સંયમભારા;
તબ ગૌતમ ! એ મુગતે જાશે,ભગવતી સૂત્ર વિચારા. ગૌ૦ ૧૦
સિદ્ધારથ ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોકે જાશે;
બીજે સ્કંધે આચારાંગે, તે સૂત્રે કહેવાશે. ગૌ૦ ૧૧
તપાગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દીયો મનોરથ વાણી;
સકળચંદ્ર પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી. ગૌ૦ ૧૨

શ્રી રૂક્મિણીની સજ્ઝાય

વિચરંતા ગામો ગામ, નેમિ-જિનેસર સ્વામ;
આ છે લાલ ! નયરી-દ્વારામતી આવીયાજી. ૧
કૃષ્ણાદિક-નરનાર, સહુ મળી પર્ષદા બાર;
આ છે લાલ ! નેમિ-વંદન તિહાં આવીયાજી. ૨
દીએ દેશના જિન-રાય, આવે સહુને દાય;
આ છે લાલ ! રુક્મિણી પૂછે શ્રી-નેમિનેજી. ૩

૧ ખંધક મુનિની સજ્ઝાય

ઢાળ પહેલી.

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમા ભંડાર રે;
ઉગ્ર વિહારે મુનિ વિચરંતા, ચારિત્ર ખડ્ગની ધાર રે. ૧
સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદ રે;
માતા ધારણી ઉદરે જનમીયો, દર્શન પરમાનંદ રે. ૨
ધર્મઘોષ મુનિ દેશના, પામીયો તેણે પ્રતિબોધ રે;
અનુમતિ લેઈ માત તાતની, કર્મશું યુદ્ધ થઇ યોધ રે. ૩
છઠ્ઠ અઠ્ઠમ આદે અતિઘણા, દુષ્કર તપ તનુશોષ રે;
રાત દિવસ પરીષહ સહે, તો પણ મન નહિ રોષ રે. ૪
દવ દીધા ખીજડા દેહમાં ચાલતાં ખડખડે હાડ રે;
તો પણ તપ કરે આકરા, જાણતો અથિર સંસાર રે. ૫
એક સમે ભગિનીપુરી પ્રતે, આવીયા સાધુજી સોય રે;
ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બાંધવ હોય રે. ૬
બ્હેનને બાંધવ સાંભર્યો, ઉલટયો વિરહ અપાર રે;
છાતી તે લાગી છે ફાટવા, નયણે વહે આંસુડાની ધાર રે. ૭
રાય ચિંતે મનમાં ઇસ્યું, એ કોઇ નારીનો યાર રે;
સેવકને કહે સાધુની, લાવોજી ખાલ ઉતાર રે. ૮

ઢાળ બીજી.

રાય સેવક તવ કહે સાધુને, ખાલડી જીવથી હણશું રે;
અમ ઠાકુરની એહ છે આણા, એ અમે આજ કરીશું રે;
અહો અહો સાધુજી સમતાના દરિયા, મુનિ ધ્યાનથકી
નવ ચલીયા રે. ૧

"પુત્રનો માઠો વિયોગ, શા હશે કર્મ સંયોગ રે

આ હો લાલ! ભગવંત! તુજને ન ઘટીતુ." ૪

તવ ભાખે ભગવંત, સુણ માત [illegible]

આ હો લાલ! બાંધ્યા કર્મ નવિ [illegible] ૫

તું હતી નૃપની નાર, સુણ માત [illegible]

આ હો લાલ! ઉપવન [illegible] ૬

દેરાણી [illegible]

આ હો લાલ! [illegible] ૭

રાખે [illegible]

આ હો લાલ [illegible] ૮

નહિ [illegible]

આ હો લાલ! [illegible] ૯

[illegible]

વિરહ વિલાપ કરે રાયરાણી, સાધુની સમતા વખાણી રે;
અથિર સંસાર સંવેગે જાણી, સંજમ લીયે રાયરાણી રે.
અહો અહો૦ ૧૦

આલોઇ પાતક સવિ છંડી, કઠિન કર્મને નિંદી રે;
દુષ્કર તપ કરી કાયા ગાળી, શિવસુખ લહે આણંદી રે.
અહો અહો૦ ૧૧

ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવફળ લીજે રે;
કરજોડી મુનિ મોહન વિનવે, સેવક સુખીયા કીજે રે.
અહો અહો૦ ૧૨

શ્રી સીતાજીની સજઝાય

જનકસુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી;
પાલવ હમારો મેલને પાપી, કુળમાં લાગે છે ખામી.
અડશો માંજો.

માં, જો, માં, જો, માં, જો, અડશો માં જો,
મ્હારો નાવલીયો દુહવાય. અ૦
મને સંગ કેનો ન સુહાય અ૦ મ્હારું મન માંહેથી અકળાય,
અડશો માંજો. ૧ (આંકણી)

મેરુ મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઉગે;
જો જલધિ મર્યાદા મુકે, પાંગળો અંબર પુગે. અ૦ ૨
તો પણ તું સાંભળને રાવણ! નિશ્ચે શિયળ ન ખંડું;
પ્રાણ હમારા પરલોકે જાયે, તોપણ સત્ય ન છંડું. અ૦ ૩
કુણ મણિધરની મણી લેવાને, હૈડે ઘાલે હામ;
સતી સંગાથે સ્નેહ કરીને, કહો કોણે સાધ્યું કામ? અ૦ ૪

મુનિવર મનમાંહી આણંદ્યા, પરિષહ આવ્યો જાણી રે;
કર્મ ખપાવવાનો અવસર એહવો, ફરી નહિ આવે પ્રાણી રે.
આહો આહો૦ ૨

એ તો વળી સખાઈ મળીયો, ભાઈ થકી ભલેરો રે;
પ્રાણી ન કાયરપણું પરિહરજે, જિમ ન થાય ભવફેરો રે.
આહો આહો૦ ૩

રાય સેવકને નવ કોપે મુનિવર, કોણ રૂપ [illegible] કાયા રે;
આત્મા રંગ [illegible] ધ્યાવે, કરે નિજ [illegible] રે.
આહો આહો૦ ૪

[illegible] અનાદર કરીને, [illegible] આણ્યો રે;
કેવલજ્ઞાન [illegible], [illegible] રે.
આહો આહો૦ ૫

[illegible]
[illegible]

શ્રી શાલિભદ્રની સજ્ઝાય

(રાગ—કાલિંગડા.)

બોલો બોલો રે! શાલિભદ્ર! દોવરીયાં !
દોવરિયાં દો–ચાર–વરિયાં ! બોલો૦ ૧
માય તુમારી ખડી ય પુકારે, વહુય સબ આગે ખરીયાં.
બોલો૦ ૨
પોઢયો પુત્ર શિલા–પટ પેખી, આંખે આંસુ ઝળહળીયાં.
બોલો૦ ૩
ફુલની શય્યા જેહને ખુંચતી, તેણે સંથારો સિલા કરીયાં.
બોલો૦ ૪
પૂરવ–ભવ–માડી આહીરણી, આહાર કરી અણુસણુ કરીયા.
બોલો૦ ૫
આજ પીછે ડુંગર ચડવેકી, સુંસ કરૂં હું ઇણુ વરીયાં.
બોલો૦ ૬
સનમુખ ખોલ જોયો નહી માકું, ધ્યાન નિરંજનમન ધરિયાં.
બોલો૦ ૭
કાજ સરે ઉદયરત્ન ઉનહીંકે, જિણે પલકમેં શિવવરિયાં.
બોલો૦ ૮

શ્રી બાહુબલિજીની સજ્ઝાય

રાજતણા રે અતિ–લોભિયા, ભરત–બાહુબલિ જુઝે રે;
મૂઠી ઉપાડી રે મારવા, બાહુ–બલિ પ્રતિબુઝે રે,
વીરા ! મોરા ગજથકી ઉતરો, ગજચઢયે કેવલ ન હોય રે.
વીર૦ ૧

પચ્ચખાણો ભંગ કરીને, આગમ હેતુ ઉગારીયો;
કિંચિત લાગ્યું તેને આલોચી, શુદ્ધિ નિજ [illegible] કરીયો. આ૦ ૫
જનકસુતા હું જગ [illegible] [illegible], [illegible] કે [illegible];
રઘુનંદન શીલ કે રખાવી, [illegible] [illegible] [illegible]. આ૦ ૬
હું [illegible] [illegible]–[illegible], [illegible] કે [illegible] [illegible];
આપણો [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]. આ૦ ૭
ઉત્તમ [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible];
[illegible] [illegible] શિરોમણિ [illegible], નિત્ય નિત્ય [illegible] [illegible]. આ૦ ૮

શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય

જાવજીવ ત્રીજું વલી રે, વિરમણ અદત્તાદાન;
ચોથું વ્રત પાલતાં ઘણું રે, જગમાં વાધે માન રે, પ્રા૦ ૩
નવવિધ પરિગ્રહ છંડતાં રે, પંચમી ગતિ શુભ ઠાણ;
અંત સુધાં એ પાલતાં રે, અણગારી કહે નામ રે. પ્રા૦ ૪
બારે વ્રત પાલે ભલાં રે, શ્રાદ્ધનો એ આચાર;
પડિક્કમણાં હોય ટંકનાં રે, રાખે ધર્મશું પ્યાર રે. પ્રા૦ ૫
એહવાં વ્રત પાલે સદા રે, શાસ્ત્ર તણે અનુસાર;
આરાધક તેહને કહ્યા રે, તે પામે ભવપાર રે. પ્રા૦ ૬
મિથ્યામાં ભૂલ્યો ભમ્યો રે, આ રે અનાદિનો જીવ;
સારધર્મ નવિ ઓલખ્યો રે, જેહથી મોક્ષ સદૈવ રે. પ્રા૦ ૭
આરંભ છંડો આતમા રે, સમિતિ-ગુપ્તિશું પ્રિત;
આઠ મદ દૂરે તજો રે. ધર્મ કરો સુવિનીત રે. પ્રા૦ ૮
પાળો જિનની આગન્યા રે, જો ચાહો શિવરાજ;
શ્રી વિજયરત્નસૂરીંદના રે, દેવનાં સાર્યાં કાજ રે. પ્રા૦ ૯

પંચમીની સજઝાય.

પ્રવચન વચન વિચારીએજી, વળી ધરી ધર્મવિલાસ;
ગુરુ પરંપરા ભગવતી જી, સેવીજે સુવિલાસ.
ચતુરનર ! સમજો ધર્મ વિવેક. ૧
મુક્તિમહોલનો દીવડોજી, પહેલો જ્ઞાન પ્રકાર;
જ્ઞાન વિના તપ જપ ક્રિયાજી, નાવે ફલ નિર્ધાર. ચતુર૦ ૨
એકેન્દ્રિય સુર નારકીજી, ન કરે કવલ આહાર;
જ્ઞાન વિના નવિ જન કહેજી, તેહને તપ આચાર. ચતુર૦ ૩

ઋષભદેવ તિહાં મોકલે, બાહુ-બલિજીની પાસે રે;
બાંધવ ગજથકી ઉતરો, બ્રાહ્મી-સુંદરી એમ ભાખે રે.
વીરા૦ ૨

[illegible] ચારિત્ર લીધો, વળી આવ્યો અભિમાન રે;
લઘુ-બાંધવ વાંદું નહિ, કાઉસ્સગ્ગ રહ્યા શુભ ધ્યાને રે.
વીરા૦ ૩

વરસ દિવસ કાઉસ્સગ્ગ રહ્યા, શીત તાપથી સુકાણા રે,
પંખીડે માળા માંડીયા, વેલડીએ વીંટાણા રે. વીરા૦ ૪

સાધ્વીના વચન સુણી કરી, ચમક્યો ચિત્ત મોઝાર રે;
[illegible]
વીરા૦ ૫

વૈરાગે મન વાળીયું, મૂક્યો નિજ અભિમાન રે,
પગ ઉપાડ્યો રે વાંદવા, ઉપન્યું કેવળજ્ઞાન રે. વીરા૦ ૬
[illegible]
[illegible] વીરા૦ ૭

[illegible]

બાર વરસ સંજમમાં રહ્યો રે, હીયડે ધરતો નાગીલાનું ધ્યાન રે;
હા ! હા ! મૂરખ ! મેં આ શું કર્યું રે, નાગીલા તજી જીવન પ્રાણ રે.
નવી૦ ૩

ચંદ્રમુખી–મૃગલોચની રે, વલવલતી મેલી ઘરની નાર રે;
ભવદત્ત ભાઈએ મુને ભોલવ્યો રે, હવે કરું તેહની સંભાલ રે.
નવી૦ ૪

ભવદેવ ભાઈ ઘેર આવીયા રે, અણ ઓળખે પૂછે ઘરની નાર રે;
કેણે રે દીઠી ગોરી નાગીલા રે, અમે છું વ્રત છોડણહાર રે.
નવી૦ ૫

નારી ભણે સુણો સાધુજી રે, તુમે છો જ્ઞાન ભંડાર રે;
હસ્તિ ચડીને ખર કેણ ચડે રે, વમ્યો ન લીએ કોઇ આહાર રે.
નવી૦ ૬

નાગીલાએ નાથ સમજાવીયો રે, વલી લીધો સંજમ ભાર રે;
ભવદેવ દેવલોકે ગયા રે, સમયસુંદર સુખકાર રે.
નવી૦ ૭

ઈલાચીપુત્રની સજઝાય.

નામે ઇલાચીપુત્ર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર;
નટવી દેખીને મોહીઓ, જે રાખે ઘર સુત. ૧
કર્મ ન છુટે રે પ્રાણીઆ, પૂરવ નેહ વિકાર;
નિજકુળ છંડી રે નટ થયો, નાણી શરમ લગાર. કર્મ૦ ૨
એક પુર આવ્યો નાચવા, ઉંચો વાંસ વિશેષ;
તિહાં રાય જોવા રે આવીયો, મળીયા લોક અનેક. કર્મ૦ ૩
દોય પગ પહેરી રે પાવડી, વાંસ ચડયો ગજગેલ;
નિરાધાર ઉપર નાચતો, ખેલે નવનવા ખેલ. કર્મ૦ ૪

એકાદશીની સજઝાય.

ઋષભદત્ત વ્યવહારીયો રે લાલ, વસે તિહાં ધનવંત રે; ભ૦
ધારણી તેહની ભારજા રે લાલ, શીલાદિક ગુણવંત રે. ભ૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૨
સુખ સંસારનાં વિલસતાં રે લાલ, ગર્ભ રહ્યો શુભ દિન રે; ભ૦
સુપન લહી જંબૂવૃક્ષનું રે લાલ, જન્મ્યો પુત્ર રતન રે. ભ૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૩
જંબૂકુમાર નામ સ્થાપિયું રે લાલ, સ્વપ્ન તણે અનુસાર રે; ભ૦
અનુક્રમે યૌવન પામીયો રે લાલ, હુઓ ગુણ ભંડાર રે. ભ૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૪
ગ્રામાનુગ્રામ વિચરતા રે લાલ, આવીયા સોહમ સ્વામ રે; ભ૦
પુરજન વાંદવા આવિયા રે લાલ, સાથે જંબૂ ગુણધામ રે. ભ૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૫
ભવિજનના હિત ભણી રે લાલ, દીએ દેશના ગુણધાર રે; ભ૦
ચારિત્ર ચિંતામણિ સારીખું રે લાલ, ભવદુઃખ વારણહાર રે. ભ૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૬
દેશના સુણી જંબૂ બૂઝીયા રે લાલ, કહે ગુરુને કરજોડ રે; ભ૦
અનુમતિ લેઈ માય-તાતની રે લાલ; સંયમ લેઉં મન કોડ રે. ભ૦
ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ૭

ઢાળ બીજી

[રાગ:-પુષ્કલવઈ વિજયે જયો રે]

ગુરુ વાંદી ઘર આવીયા રે, પામી મન વૈરાગ્ય;
માત-પિતા પ્રત્યે વિનવે રે, કરશું સંસારનો ત્યાગ.
માતાજી! અનુમતિ દ્યો મુજ આજ.
જેમ સીઝે વંછિત કાજ, માતાજી અનુમતિ૦ (એ આંકણી) ૧

મૂ૦ કહો કોણ પીવે છાશ. સુ૦ ૧ સનેહી કામકળારસ કેળવે
કે૦ મૂકોજી વ્રતનો ધંધ; સુ૦ સનેહી પરણીને શું પરિહરે
પરિ૦ હાથ મેળ્યાનો સંબંધ; સુ૦ ૨ સનેહી ચારિત્રવેળુકવ
જિસ્યું. કવ૦ તેમાં કિસ્યો સ્વાદ. સુ૦ સનેહી ભોગ્ય સામ
પામી કરી; પા૦ ભોગવો ભોગ આલ્હાદ; સુ૦ ૩ સનેહી ભ
તે રોગ અનાદિનો, અ૦ પીડે આતમ અંગ; સુ૦ સને
તે રોગને શમાવવા; શ૦ ચારિત્ર છે રે રસાંગ, સુ૦ ૪ સને
કિંપાકફળ અતિ ફુટડા, ભખતા લાગે મિષ્ટ; સુ૦ સને
વિષ પસરે જબ અંગમાં; અં૦ ત્યારે હોવે અનિષ્ટ સુ૦ ૫ સને
દીપ ગ્રહી નિજ હાથમાં, હા૦ કોણ ઝંપાવે કુપ; :
સનેહી નારી તે વિષવેલડી, વિ૦ વિષયફળ વિષમ વિરૂપ; :
૬ સનેહી એહવું જાણી પરિહરો; પ૦ સંસાર માયાજાળ;
સનેહી જો મુજશું તુમ નેહ છે રે, તો વ્રત લ્યો થઇ ઉ
માલ. સુ૦ ૭

ઢાળ ચોથી

[નમો નમો મનક મહામુનિ—એ દેશી.]

એહવે પ્રભવો આવીઓ, પાંચસેં ચોરની સં
વિદ્યાયે તાળાં ઉઘાડિયાં, ધન લેવા તે ઉમંગ રે.
નમો જંબૂસ્વામીને. ૧ જંબૂએ નવપદધ્યાનથી, થ ભાવ્યા
દંભ રે; થંભ તણી પરે સ્થિર રહ્યાં, પ્રભવો પામ્યો ચ
રે. નમો૦ ૨ પ્રભવો કહે જંબૂ પ્રત્યે, દ્યો વિદ્યા મુજ એ
જંબૂ કહે કે ગુરુ કને, છે વિદ્યાનું ગેહ રે. નમો૦ ૩
ચોર તે બુઝવી, બુઝવ્યા માય ને તાત રે; સાસુ સસર

માનની સજઝાય.

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે. રે જીવ૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીયે યુક્તિ રે. રે જીવ૦ ૨
વિનય વડો સંસારમાં, જે ગુણમાં અધિકારી રે;
ગર્વે ગુણ જાયે ગળી, ચિત્ત જુઓ વિચારી રે. રે જીવ૦ ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. રે. જીવ૦ ૪
સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરતન કહે માનને, દેજ્યો દેશવટો રે રે. જીવ૦ ૫

માયાની સજઝાય.

સમકિતનું મૂળ જાણીયેજી, સત્ય વચન સાક્ષાત;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે;
પ્રાણી ! મ કરીશ માયા લગાર. એ આંકણી. ૧
મુખ મીઠો જુઠો મનેજી, કુડ કપટનો કોટ;
જીભે તો જી જી કરેજી, ચિત્તમાં તાકે ચોટ રે. પ્રાણી૦ ૨
આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩
જેહશું માંડે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ૪
તપ કીધો માયા કરીજી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રીવેદ રે. પ્રાણી૦ ૫

ગુણથી, સંયમ લેવા જાય છે. નમીએ ૪ પંચાચાર [illegible] [illegible], પરઉપકારી જંબૂકુમાર છે. શોભે [illegible] [illegible], [illegible] [illegible] ઉદાર છે. નમીએ ૫ [illegible] [illegible] [illegible], [illegible] પ્રધાન છે, શીલ પૂર્ણ ભાવનાદિકે, [illegible] [illegible] [illegible] [illegible] ગુણથી [illegible], [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] છે, નમીએ [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible], [illegible] લીલવિલાસ છે, નમીએ [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] છે; [illegible] [illegible] [illegible] છે, નમીએ ૮.

[illegible] સજ્ઝાય.

જોતાં લોભનો થોભ દીસે નહી રે,
એવું સૂત્ર-સિદ્ધાન્તે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જુઓ રે,
તે તો સમુદ્ર માંહે ડુબી મુઓ રે. તમે૦ ૬
એમ જાણીને લોભને છાંડજો રે,
એક ધર્મશું મમતા માંડજો રે;
કવિ ઉદયરતન ભાખે મુદા રે,
વંદું લોભ તજે તેહને સદા રે. તમે૦ ૭

આપસ્વભાવની સજ્ઝાય

આપસ્વભાવમેં રે, અવધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કરમાધીના, અચરિજ કછુઅ ન લીના. આ૦ ૧
તું નહીં કેરા કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા;
તેરા હે સો તેરી પાસે, અવર સબહિ અનેરા. આ૦ ૨
વપુ વિનાશી, તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નીકાસી, તબ તુમ શિવકા વાસી. આ૦ ૩
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આ૦ ૪
પરકી આશા સદા નિરાશા, એ હે જગ-જન-પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આ૦ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આ૦ ૬
શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આ૦ ૭

[illegible] કરી ઓળખોજી, છંડો માયાની મૂછ:
સિદ્ધિપુરી જાવા ચાહોજી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી [illegible]

લોભની સઝઝાય.

તમે લક્ષણ જો જો લોભના રે,
લોભે મુનિજન પામે ક્ષોભના રે.
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે,
લોભે દુર્ગતિ પંથે સંચરે રે. તમે [illegible]
તજો લોભ તેહનાં [illegible] [illegible] રે,
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] રે

સઘળા માસમાં માસ વડો રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે; ભ૦
તેહમાં આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે.
ભ૦ પર્વ૦ ૨

ખાંડણુ પીસણુ ગારનાં રે લાલ, નાવણુ ધોવણુ જેહ રે; ભ૦
એવા આરંભને ટાળીએ રે લાલ, વંછે સુખ અછેહ રે.
ભ૦ પર્વ૦ ૩

પુસ્તક વાસી ન રાખીયે રે લાલ, ઓચ્છવ કરીએ અનેક રે; ભ૦
ધર્મ સારૂં વિત્ત વાવરો રે લાલ, હઇડે આણી વિવેક રે.
ભ૦ પર્વ૦ ૪

પૂજી અર્ચીને આણીએ રે લાલ, શ્રી સદ્‌ગુરુની પાસ રે; ભ૦
ઢોલ દદામણ ફેરિયા રે લાલ, મંગળ ગાવો ગીત રે.
ભ૦ પર્વ૦ ૫

શ્રીફળ સરસ સોપારીયો રે લાલ, દીજે સાહમ્મીને હાથ રે; ભ૦
લાભ અનંતા બતાવીયા રે લાલ, શ્રીમુખ ત્રિભુવનનાથ રે
ભ૦ પર્વ૦ ૬

નવ વાંચના શ્રી સૂત્રની રે લાલ, સાંભળો શુદ્ધ ભાવ રે; ભ૦
સાહમ્મિવચ્છલ કીજીયે રે લાલ, ભવજળ તરવા નાવ રે.
ભ૦ પર્વ૦ ૭

ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે; ભ૦
અંગપૂજા સદ્‌ગુરુ તણી રે લાલ, કીજીયે હર્ષ અપાર રે.
ભ૦ પર્વ૦ ૮

જીવ અમર પળાવીએ રે લાલ, તેહથી શિવસુખ હોય રે; ભ૦
દાન સંવત્સરી દીજીયે રે લાલ, ઇણ સમો પર્વ ન કોઈ રે.
ભ૦ પર્વ૦ ૯

વૈરાગ્યની સજ્ઝાય.

ઉંચા તે મંદિર માળીયાં સોડ, વાળીને સુતો.
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યોજ નહોતો.
એક રે દિવસ એવો આવશે (એ આંકણી) ૧
મન સબળોજી સાલે, મંત્રી મળ્યા સર્વે કારમા;
તેનું કાંઈ નવ ચાલે. એક રે૰ ૨
સાવ સોનાનાં રે સાંકળાં, પહેરણ નવ નવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક રે૰ ૩
ચરૂ કઢાયાં અતિ ઘણાં, બીજાનું નહીં લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક રે૰ ૪
કેના છોરૂ કેના વાછરૂ, કેનાં માય ને બાપ;
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુન્ય ને પાપ. એક રે૰ ૫

રે બાલુડા બહુ બુદ્ધિવંતા, ગૌતમ ગણધર આવ્યા;
થાળ ભરીને મીઠા મોદક, ભાવ સહિત વહોરાવ્યા. આધા૦ ૮
પય પ્રણમી અઈમુત્તો પુછે, કીહાં વસો કીરપાળ;
વીર સમીપે વસીયે સુણીને, સાથે ચાલ્યા સુકુમાળ. આધા૦ ૯
કુમર કહે એહ ભાજન આપો, ભાર ઘણો તુમ પાસે;
ગૌતમ કહે અમે એહને દઈએ, ચારિત્ર લે પ્રભુ પાસે. આધા૦ ૧૦
ચારિત્ર લેઈશ હું પ્રભુ પાસે, ઝોળી દીયો મુજ હાથે;
ગૌતમ પૂછે અનુમતિ કેહની, માએ મોકલ્યા અમ સાથે. આધા૦ ૧૧
વીર વાંદી જિનવાણી સુણીને, આવ્યા ઘર ઉલ્લાસે;
અનુમતિ આપો માતા મુજને, દીક્ષા લઉં પ્રભુ પાસે. આધા૦ ૧૨
શ્રીદેવી કહે સુણ નાનડીયા, સંયમની શી વાતો;
શું જાણે તું બાળપણામાં, આગમના અવદાતો. આધા૦ ૧૩
વિનય કરી માત-પિતાને, કહે કુમર કુળભાણું;
જે જાણું તે હું નવિ જાણું, નવિ જાણું તે જાણું. આધા૦ ૧૪
એક દિવસનું રાજ્ય કરીને, માય મનોરથ પુરે;
સંયમ લીધો વીરજિન પાસે, દુર્ગતિ કરવા દુરે. આધા૦ ૧૫
સ્થવિર સાથે ઠંડીલે પહોત્યા, નીર વહંતો દીઠો;
પાળ બાંધીને પડઘો મ્હેલ્યો, કૌતુક લાગ્યો મીઠો. આધા૦ ૧૬
ન્હાનું સરોવર ન્હાનું ભાજન, નાવ કર્યું અઇમુત્તે;
રઢીયાળી રમત દેખીને, બાળક્રીડા કરી રમતે. આધા૦ ૧૭
મધુર વચને મુનિવર બોલ્યા, નાવા તરતી જોઈ;
રમતા દેખી ઋષીસર બોલે, હિંસા જીવની હોઇ. આધા૦ ૧૮
બોલાવી કહે મુનિ બાળકને, એ આપણુ નવિ કીજે;
છકાય જીવ વિરાધના કરતાં, દુર્ગતિ ફળ લીજે. આધા૦ ૧૯

મ્હોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળશે,
સુરતરુ સરિખા અફળ જશે ત્યારે, વિષવેલડી કેમ ફળશે.
હો૦ નહિ૦ ૫

પેટ આવ્યો તે ભોરીંગ વેઠે, પુત્ર કપુત્ર જ જાયો,
ભલો ભૂંડો પણ જાદવકુળનો, તુમ બાંધવ કહેવાયો.
હો૦ નહિ૦ ૬

છપ્પન ક્રોડ જાદવનો રે સાહેબો, કૃષ્ણ જો નરકે જાશે;
નેમિ જિણેસર કેરો રે બન્ધવ, જગમાં અપજશ થાશે.
હો૦ નહિ૦ ૭

શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવળનાણી;
નેમિ જિણેસરે દિયો રે દિલાસો, ખરો રૂપૈયો જાણી.
હો૦ નહિ૦ ૮

નેમિ કહે તુમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો તીર્થંકર,હરિ પોતે મન હરખી.
હો૦ નહિ૦ ૮

જાદવકુળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્રવિજયકુળ દીવો;
ઇન્દ્ર કહે રે શિવાદેવીના નન્દન, ક્રોડ દિવાળી જીવો.
હો૦ નહિ૦ ૧૦

શ્રી વિજય શેઠ અને વિજય શેઠાણીની સજ્ઝાય

સ્ત્રી-ભરતારનો શીયળ ઉપર ભાવ.

પ્રહ ઉઠી રે પંચ પરમેષ્ઠિ સદા નમું,
મન શુદ્ધે રે જેને ચરણે નિત્ય નમું;

[illegible] પણ્યાં મનમાંહે ઉપની, સમવસરણ જિહાં આયા;
[illegible] જિહાં પડિક્કમતાં, ધ્યાન શુક્લ મન ધ્યાયા. આ૦ ૨૦
[illegible] ભગવંતને પુછે, ભવ કેટલા હવે કરશે.
[illegible] કે આ મુનિ, ઇણ ભવ મુગતિ વરશે. આ૦ ૨૧
[illegible] શુદ્ધ મને પાળી, અંગ અગીયાર ગુણ લીધાં;
[illegible] તપ કીધાં, અંતગડ કેવળી સિધ્યા. આ૦ ૨૨
[illegible] ભગવતી માંહે, [illegible] કહ્યાં અધિકાર,
[illegible] મુનિ વંદું, આતમના આધાર. આ૦ ૨૩

શ્રી [illegible] સજ્ઝાય.

એમ સાંભળી રે તવ વિજયા વિલખી થાએ,
પિયુ પુછે રે કાં ચિંતા તુજને થાએ;
તવ વિજયા રે કહે શુક્લપક્ષનો મેં લિયો,
બાળપણમાં રે વ્રત ચોથો નિશ્ચે કિયો. ૭
કિયો નિશ્ચે બાળપણમાં, શુકલપક્ષ વ્રત પાળશું,
ઉભય પક્ષ હવે શીયળ પાળી, નિયમ દુષણ ટાળશું;
તમે અવર નારી પરણીને, હવે શુક્લપક્ષ સુખ ભોગવો,
કૃષ્ણપક્ષે નિયમ પાળી, અભિગ્રહ એમ ભોગવો. ૮
તવ વળતો રે તસ ભરથાર કહે ઇસો,
એ સંબંધી રે હવે શંકા નહિ લાવશો;
તેહ છાંડી રે શિયળ સબળ બેઉ પાળશું,
એહ વારતા રે માત-પિતાને ન જણાવશું. ૯
માત-પિતા જબ જાણશે, તવ દીક્ષા લેશું ધરી દયા,
એમ અભિગ્રહ લેઇને, ભાવે ચારિત્રીયા થયા;
એકત્ર સજ્યા શયન કરતાં, ખડ્ગધારા વ્રત ધરે,
મન વચન કાયાએ કરી, શુદ્ધ શીયળ બેઉ ચિત્ત ધરે. ૧૦

ઢાળ બીજી

વિમળ કેવળી તામ, ચંપા નયરીએ,
તતક્ષણ આવી સમોસર્યા એ;
આણી અધિક વિવેક, શ્રાવક જિનદાસ,
કહે વિનય ગુણે પરવર્યો એ. ૧૧
સહસ ચોરાશી સાધુ મુજ ઘર પારણે,
કરે જો મનોરથ તો ફળે એ;

કૃષ્ણ શુકલ પક્ષ દંપતી, ભોજન દે કોઈ ભાવે રે;
સહસ ચોરાશી સાધુના, પારણાનો ફળ પાવે રે. ધ૦ ૨૦
માત પિતા જણ જાણીયો, પ્રગટ એહ સંબન્ધ રે;
શેઠ વિજય વિજયા વળી, ચારિત્ર લે અપ્રતિબન્ધ રે. ધન ૨૧

કળશ

કેવળીની પાસે ચારિત્ર લેઈ ઉદાર,
મન મમતા મુકી પાળે નિરતિચાર;
અષ્ટકર્મ ખપાવી, પામ્યા કેવળજ્ઞાન,
તે મુક્તિ પોતા દંપતિ સુગુણ સુજાણ. ૨૨
તેહના ગુણ ગાવે, ભાવે જે નરનાર,
તે શિવસુખ પામે પહોંચે ભવનો પાર;
નાગોરી તપગચ્છ, શ્રી ચન્દ્રકીર્તિસૂરિરાય,
શ્રી હર્ષકીર્તિસૂરિ, જપે તાસ પસાય. ૨૩
જિમ કૃષ્ણપક્ષે શુકલપક્ષે, શીયળ પાળ્યો નિર્મળો,
તે દંપતીના ભાવ શુધ્ધે સદા સહુ ગુરુ સાંભળો;
જિમ દુરિત દોહગ દૂર જાએ, સુખ થાએ બહુ પરે,
વળી ધવળ મંગળ આવે વંછિત,
સુખ કુશળ ઘર અવતરે. ૨૪

શ્રી મેઘકુમારની સજ્ઝાય

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર;
તુજ વિણ જાયા રે ! સુના મંદિર માળીયા રે,
રાખો રાખો ઘર તણું સૂત્ર. ધારણી૦ ૧

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી, નહિં હવે ચક્રી રાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહતે વચને માન્યા "ચોવીશમા જિનરાજ"
મ્હારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મ્હારી કુખે આવ્યા તારણ તરણ ઝહાજ;
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ. હાલો૦ ૩
મુજને ડોહલા ઉપન્યા "બેસું ગજ અંબાડીયે,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય,"
એ સહુ લક્ષણ મુજને નંદન! તારા તેજનાં,
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય— હાલો૦ ૪
કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા "જિનવર શ્રી જગદીશ;"
નંદન! જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વીશવાવીશ— હાલો૦ ૫
નંદન! નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે છો;
નંદન! ભોજાઇઓના દેવર છો સુકુમાલ,
હસશે ભોજાઇઓ કહી "દીયર મારા લાડકા."
હસશે, રમશે ને વળી, ચુંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી હુંસા દેશે ગાલ— હાલો૦ ૬
નંદન! નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન! નવલી પાંચશે મામીના ભાણેજ છો;
નંદન! મામલીયાના ભાણેજા સુકુમાલ,

[illegible] પહેરાવે રે આઠ કુમારિકા રે સુંદર અતિ સુકુમાળ;
[illegible] વાળી વાટે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ.

આનંદ૦ ૨

[illegible] મન આશા રે પુત્ર તણી ઘણી રે, દેશાધીશ [illegible];
[illegible] રે કોણી નવિ શકીયો રે, ઉપાયો [illegible].

આનંદ૦ ૩

[illegible] રે, મુનિ ઘણી [illegible] રે, [illegible]
[illegible] ચિત્તમાં રે [illegible] આવ્યું રે, [illegible]

[illegible] ૪

[illegible] રે [illegible] પ્રતિમાની રે, [illegible]
[illegible] રે [illegible] રે, [illegible]

[illegible] ૫

શ્રી [illegible] સ્વામિનું [illegible]

મુખડા ઉપર વારિ કોટિ કોટિ ચંદ્રમા,
વળી તન પર વારિ ગ્રહગણનો સમુદાય— હાલો૦ ૧૩
નંદન ! નવલા ભણુવા નિશાળે પણ મૂકશું,
ગજ પર અંબાડી બેસાડી મોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ, ફોફળ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાળીઆને કાજ— હાલો૦ ૧૪
નંદન ! નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુ-વર સરખી જોડી લાવશું રાજકુમાર !
સરખા-સરખી વેવાઇ વેવાણો પધરાવશું,
વહુ-વર પોંખી લેશું જોઇ જોઇને દેદાર— હાલો૦ ૧૫
પીયર-સાસર મારા બેઉ પખ નંદન ! ઉજળા,
મારી કુખે આવ્યા તાત ! પનોતા નંદ;
મ્હારે આંગણ આવ્યા તાત ! પનોતા નંદ !
મ્હારે આંગણ વુઠ્યા અમૃત દૂધે મેહુલા,
મ્હારે આંગણ ફળીયાં સુરતરુ સુખના કંદ"—હાલો૦ ૧૬
"એણી પેરે ગાયું માતા ત્રિશલા સુતનું હાલરું,
જે કોઈ ગાશે, લેશે પુત્રતણા સામ્રાજ્ય"
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરું,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાય— હાલો૦ ૧૭

વિભાગ ૮ મો

અર્વાચીન પદ સંગ્રહ

૧ (રાગ માઢ)

ઉપકારી મહાવીર અમારા ઉપકારી મહાવીર;
વંદન કરીએ વીર-અમારા૦

[illegible] ઉછાળી કરીને 'નાના બાબુજન,'
[illegible] આંજીને વળી ટપકું કરશે ગાલ— હાલો૦ ૭
[illegible] ! [illegible] લાવશે ટોપી, આંગલાં,
[illegible] આલર મોતી, કલગી હાર:
[illegible] ને વળી માનાં સર્વે જાતિનાં,
[illegible] આવી મામા નંદકિશોર— હાલો૦ ૮
[illegible] ! [illegible] મામી પ્રગટલી બહુ લાવશે,
[illegible] ! [illegible] લાડુ મોતીચૂર,
[illegible] ! [illegible] દેશે મામી [illegible],
[illegible] ! [illegible] "[illegible]" હાલો૦ ૯
[illegible] ! [illegible] મામાની આવે [illegible].
[illegible] નાખી નાર !

૪

[ધન ધન વો જગમેં નરનાર—એ રાગ]

આજે આંગી બની નવરંગી, ચાલો જિનમંદિર જઈએ.
દરિશન કરશું પાવન થઈશું, લેઈશું જિનવર નામ;
અજિત જિનેશ્વર મુખડું જોતાં, સફળ થશે સૌ કામ. આજે૦ ૧
માયા મદ મમતા મૂકીને, સેવીશું જિનરાજ;
દુસ્તર ભવસાગર તરવાને, પ્રભુ સ્મરણ રૂપ ઝાઝ. આજે૦ ૨
મહેલ બગીચા સરવે તારા, હામ દામ ને ધામ;
અંત સમય સૌ અળગા રહેશે, કો નવ આવે કામ. આજે૦ ૩
જૈનધર્મ સાચો જાણીને, કર સંગત સુખધામ;
સાધી લે જંજાળી જીવડા, નહિ અવર વિશ્રામ. આજે૦ ૪

૫

(રાગ—આશાવરી)

મહાવીર તમારી મનહર મુરતિ, દેખી મન હરખાય.
પ્રભુ ત્રિશલામાતાના જાયા, સિદ્ધારથ નૃપ કુલ આયા;
ઇંદ્રાણી મળી હુલરાયા, તારી કંચનવરણી કાય. મહા૦ ૧
જળકળશ ભરી ન્હવરાવું, પૂજન કરી અતિ હરખાઉં;
ભવભવનાં દુઃખ ગમાવું મુજ જન્મ કૃતારથ થાય. મહા૦ ૨
વળી સુંદર પુષ્પ મંગાવું, તેની ગૂંથી માળ બનાવું;
લઇ પ્રભુકંઠે પહેરાવું, તારા સુરનર સેવે પાય. મહા૦ ૩
ભક્તિભરી ભાવના ભાવું, ગુણગાનથી પાવન થાઉં;
નિશદિન તુમ ધ્યાન ધરાવું, જેથી દુર્લભ સમકિત થાય. મહા૦ ૪

પ્રભુજીને પાયે સોનીડો રે આવે;
મુગટ ચડાવી પ્રભુ પાય નમે.—આજ દેવ૦
પ્રભુને પાયે માળીડો રે આવે;
હાર ચડાવી પ્રભુ પાય નમે.—આજ દેવ૦

[૨]

લાવે લાવે મોતીશા શેઠ, ન્હવણ જળ લાવે છે.
ન્હવરાવે મરૂદેવાનંદ, પ્રભુ પધરાવે છે;
સહુ સંઘને હરખ ન માય, ન્હવણ જળ લાવે છે,
મ્હારી બ્હેનોને હરખ ન માય, પ્રભુ પધરાવે છે. એ દેશી.

[૩]

મહાવીર દર્શન કેરા લાભ, લેજો હરખી હરખીને,
પ્રભુનો અંતરમાં સહુ ભાવ, ભરજો હરખી હરખીને. મહા૦ ૧
પ્રભુના મધુરા મધુરા ગાન, પ્રીતે સુની સુનીને;
સુણતાં ભવનાં દુઃખડા જાય, પ્રીતે નમી નમીને. મહા૦ ૨

—: આંતરા :—

એ ભવીયાં ભાવે ભજીને, પામે છે મોક્ષનું ધામ;
એ દિવ્ય મૂર્તિ શ્રી જિનવર કેરી, ઉતારે ભવપાર.
જીવનમાં એકજ છે એ સાર, ભજીલે હરખી હરખીને. મહા૦ ૩
તારી મૂર્તિ છે મનોહાર, નમીએ હરખી હરખીને;
પ્રેમે "જૈન ટોળી" ગુણ ગાય, પ્રીતે નમી નમીને. મહા૦ ૪

[૪]

ડંકો વાગ્યો શાસનના પ્રેમી જાગજો રે;
પ્રેમી જાગજો રે ધરમી જાગજો રે. ડંકો૦

(ધનધન વો જગમેં નરનાર, સિદ્ધાચલકે જાનેવાલે—એ રાગ)

ધનધન નેમિનાથ ભગવાન, ભવોદધિ પાર લગાનેવાલા;
રૈવતકાચલ સિરદાર, તુમે ત્યાગી રાજુલનાર:
ઝટ ત્યાગ દીયો સંસાર, પશુગણ જાન બચાનેવાલે. ધન૦
પ્રભુ નેમિ બાલ કુમાર, લીયો બચપણમેં બ્રહ્મચાર;
દીયો આવાગમન નિવાર, તરણ તારણ પદ પાનેવાલે. ધન૦
દીક્ષા અરુ કેવલજ્ઞાન, હુઓ સહસાવન મૈદાન;
ઉજ્જિતશિખર નિર્વાન, તીર્થ ગિરનાર વસાનેવાલે. ધન૦
તિરથ યાત્રા ગુણખાન, આતમ લક્ષ્મીકા નિદાન;
પૂજે હર્ષે ભગવાન, પ્રભુ વલ્લભ ગુણ ગાનેવાલે. ધન૦

આધ્યાત્મિક પદ સંગ્રહ

[૭]

[રાગ—આશાવરી]

અવધુ નિરપક્ષ વિરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઈ—અવ૦
સમરસભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;
અવિનાશી કે ઘરકી બાતાં, જાનેંગે નર સોઇ—અવ૦ ૧.
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહિ પરિચય, તો શિવમંદિર દેખે—અવ૦ ૨.
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે—અવ૦ ૩.
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુરગિરિ સમ શુચિધીરા.—અવ૦ ૪.

[૮]

નેમ પ્રભુના ચરણકમલની લગની અમને લાગી (૨)
ભરયૌવનમાં રાજુલ જેવી, રમણી જેણે ત્યાગી (૨)

—: આંતરા :—

કૃષ્ણદેવની સઘળી નારી મનહરનારી કામણગારી;
વિવાહની વાતો ઉચ્ચારી, મન ડોલાવા લાગી [૨] નેમ૦

[૯]

વાળો વાળો તુમે રથડો વાળો, તમે જીવદયા પ્રતિપાળોરે–વાળો૦
તમે જાન સજીને આવ્યા, સાથે કૃષ્ણ મોરારિને લાવ્યારે–વાળો૦

[૧૦]

(રાગ–આશાવરી)

પ્રભુ મેરે અઇસી આય બની,
મનકી વ્યથા કુનપે કહીએ, જાનો આપ ધની. પ્રભુ૦ ૧

[૧૧]

(રાગ–દેવગાંધાર)

દેખો માઈ! અજબરૂપ જિનજીકો;
ઉનકે આગે ઔર સબહુકો, રૂપ લાગે મોહે ફીકો–દેખો૦ ૧
લોચન કરુના–અમૃત કચોલે, મુખ સોહે અતિનીકો;
કવિ જસવિજય કહે યોં સાહિબ, નેમજી ત્રિભુવન ટીકો–દેખો૦ ૨

[૧૨]

ઋષભ જિણંદા ઋષભ જિણંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશું પ્રીત બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશું રહ્યો
રાચી–ઋષભ૦ ૧

દૂર કરો સંસારી કામો આજથી રે;
આજથી રે વૈરાગ્યથી રે. ડંકો૦
વીરે સ્થાપ્યું શાસનને શોભાવજો રે;
શોભાવજો રે આણા પાળજો રે........ડંકો૦ એ દેશી

[૫]

ચાલ ચાલ કુંવર ચાલ, તારી ચાલ ગમે રે;
તુજ દીઠડા વિના મીઠડા મારા, પ્રાણ ભમે રે. ચાલ૦ ૧
ખોલા માંહિ પડતું મેલે રીસે દમે રે;
માવડી વિના આવડું ખુંધું, કોણ ખમે રે. ચાલ૦ ૨
માતા વામા કહે મુખડે જોતાં, દુઃખડાં શમે રે;
લળી લળી ઉદયરત્ન પ્રભુ તુજને નમે રે. ચાલ૦ ૩

[૬]

વિમલગિરિ કયું ન ભયે હમ મોર, વિમલગિરિ૦
સિદ્ધવડરાયણ રૂખકી શાખા, ઝુલત કરત ઝકોર. વિમલ૦ ૧
આવત સંઘ રચાવત અંગિયા, ગાવત ગુણ ઘમઘોર;
હમભી છત્ર કલા કરી નિરખત, કટને કર્મ કઠોર. વિમલ૦ ૨
મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદચકોર;
શ્રી રિખહેસર દાસ તિહારો, અરજ કરત કરજોર. વિમલ૦ ૩

[૭]

આશાભર્યા અમે આવીયાં જિનંદજી, ઉતરવા ભવપાર;
માયા તોરી લાગી જિનંદજી.
તુજ મુરતિ મનોહર–માયા૦ ભવોદધિ પાર ઉતાર–માયા૦
તાર તાર મુજ તાર–માયા૦

ઝીણી ઝીણી ઘુઘરીઓ ઘમકે છે;
ઇંદ્રાણીના પાઉલ ઠમકે છે. —દેરાસર૦
પ્રભુ સમવસરણમાં બિરાજે છે;
જસ ચોત્રીસ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે. —દેરાસર૦

[૧૮]

આ તો લાખેણી આંગી કહેવાય, શોભે જિનવરજી;
શુદ્ધ કેશર કસ્તુરી મ્હેકાય, શોભે જિનવરજી.
શુદ્ધ પાંખો પ્રસરેલી તે સુંદર સોહાય, શોભે જિનવરજી. ૧
ભાવ અંતરના દર્શનથી નિર્મળ રહે,
મૂર્તિ દેખીને અંતરપટ ભક્તિ વહે;
જાણે જ્યોતિમાં જ્યોતિ મિલાય, શોભે જિનવરજી. ૨

[૧૯]

દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી
ઉજ્જવળ ભર્યો અવતાર રે, મોક્ષગામી ભવથી ઉગારજો,
શિવધામી ભવથી ઉગારજો. ૧

—: આંતરા :—

મસ્તકે મુગટ સોહે કાને કુંડળીયાં;
ગળે મોતનકા હાર રે, મોક્ષધામી૦ ૨

[૨૦]

આશા ધરીને અમે આવીયાં જિણંદજી;
લીધા વિના નહી જાઉં રે, માયા તોરી લાગીરે. જિણંદજી. ૧

[૧૩]

સિદ્ધાચલનો વાસી પ્યારો, લાગે મોરા રાજીંદા.
ઈણુરે ડુંગરીયામાં ઝીણીઝીણી કોરણી; (૨)
ઉપર શિખર બિરાજે મોરા૦ સિદ્ધા૦ ૧

[૧૪]

પ્યારો લાગે મુને સારો લાગે, દરિસણુમાં ગંભારોજી પ્યારો લાગે.
સોના કેરી ઝારીઓને, માંહી ભર્યા છે પાણી;
ન્હવણ કરાવું મેરે જિનજીકે અંગ—દરિસણુ૦
કેશરચંદન ભર્યારે કચોળાં, પૂજા કરૂં મેરા જિનજીકે અંગ. દરિસણુ.

[૧૫]

આદિનાથ જિણુંદ ભવપાર કરો, મારાં જન્મમરણુનાં દુઃખ હરો.
તું પ્રભુ શિવઘર બન્યો, (ને) હું અશિવ ઘરમાં રમું,
તું અનંત સુખમાં રમે છે, હું ભવદુઃખમાં ભમું;
સારી દુઃખી દશાનો વિચાર કરો—આદિનાથ૦

[૧૬]

સાચું બોલોને નેમનાથ, અબોલડા શાના લીધા છે.
સાચું બોલોને મારા નાથ, અબોલડા શાના લીધા છે.
હૈયામાં રહી ગઇ છે હામ, અબોલડા શાના લીધા છે.
આઠ ભવાંતર પ્રીત નિવારી, નવમેં કુંવારી મૂકો નહિ.
શ્યામ—અબોલડા૦

[૧૭]

વાગે છે રે વાગે છે દેરાસર વાજાં વાગે છે.
જેનો શબ્દ ગગનમાં ગાજે છે. —દેરાસર૦

૩ પ્રભુજીની જમણી બાજુએ દીપક અને ડાબી બાજુએ ધુપધાણું મૂકવા.

૪ દરેક સ્નાત્રીયાએ જમણે હાથે ત્રણ વલયથી નાડાછડી બાંધવી.

૫ પંચામૃત તૈયાર કરી, તેથી સાથીયો કરેલા કળશ ભરવા, ને નાડાછડી બાંધી તેને નીચેના બાજોઠ ઉપર કે સામે મૂકેલા બીજા પાટલા ઉપર સ્વસ્તિક કરી તે ઉપર મૂકવા. કળશો ઉપર સાથીયો કરેલું અંગલુહણું ઢાંકી રાખવું.

શ્રીમદ્ વીરવિજયજી કૃત સ્નાત્ર પૂજા

[પ્રથમ કળશ લઇ ઉભા રહેવું]

(દ્રુતવિલમ્બિતછન્દ)

સરસશાન્તિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરમ્;
ભવિકપઙ્કજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧

દોહા

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક.

[અહીં પખાલ કરવો.]

[કુસુમાંજલિની થાળી લઈ ઉભા રહેવું]

[૧] ગાથા

[આર્યા ગીતિઃ]

જિણ ! જમ્મસમયે મેરુસિહરે રયણ-કણય-કલસેહિં;
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના, જેહિં દિટ્ઠો સિ. ૩

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

રાણી સુનંદાનો ન્હાનલો જિણંદજી,
અને ત્રિભુવન તિલક ભેટાય રે, માયા તોરી લાગીરે. જિણંદજી. ૨

[૨૧]

(રાગ:-ભૈરવ, માલકોશ)

મારા નાથની બધાઇ બાજે છે, મારા પ્રભુની૦
સરણાઇ સૂર નોબત બાજે, ઓર ઘનાઘન ગાજે છે. મા૦ ૧
ઇંદ્રાણી મિલ મંગલ ગાવે, મોતીયન ચોક પૂરાવે છે. મા૦ ૨
સેવક પ્રભુજીશું અરજ કરે છે,ચરણની સેવા પ્યારી લાગે છે.મા૦ ૩



વિભાગ ૯ મો. (૧)

શ્રીમદ્ વીરવિજયજી કૃત—

સ્નાત્રપૂજાની વિધિ

૧ મધ્યના બાજોઠ ઉપર કેસરનો સ્વસ્તિક કરી, તે ઉપર અક્ષત અને તે ઉપર જળથી ધોઇ ઉપર કેસરનો સાથીયો કરેલું અને નાડાછડીથી વીંટેલું શ્રીફળ મૂકવું.

૨ સિંહાસનમાં-થાળમાં કે રકેબીમાં સ્વસ્તિક કરી તે ઉપર રૂપાનાણું, સોપારી અને અક્ષત મૂકી તે ઉપર પ્રભુજીને કે પંચતીર્થીના પ્રતિમાજીને, ત્રણ નવકાર ગણીને લાવી અને ત્રણ નવકાર ગણી સિંહાસનમાં પધરાવવા, તેમજ આગળ સ્વસ્તિક કરી તે ઉપર શ્રી સિદ્ધચક્રજી મહારાજને પધરાવવા.

[૪] ગાથા

(આર્યા ગીતિઃ)

જસ્સુ પરિમલબલદહદિસિમહુયરઝંકારસદ્દસંગયા;
જિણચલણોવરિ મુક્કા સુર–નર કુસુમાંજલિ સિદ્ધા. ૯

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

ઢાળ

પાસ જિણેસર જગ જયકારી, જળ થળ ફુલ ઉદક કર ધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા૦ ૧૦

[૫] દોહા

મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાળ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ૧૧

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

ઢાળ

વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીર જિણંદા૦ ૧૨

[૬] વસ્તુ છન્દ :

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય.
જિણ–પય–કમલે નિવડેઇ, વિગ્ઘહર જસ નામ મંતો;
અનંત ચોવીસ જિન વાસવ મલિય અસેસ;
સા કુસુમાંજલિ સુહ કરો ચઉવિહસંઘ વિસેસ. ૧૩

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલી ઢાળ

નિર્મળ જળ કળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા.
સિદ્ધસ્વરૂપી અંગ પખાળી,
આતમ નિર્મળ હુઇ સુકુમાળી. કુ૦ ૪
(પ્રભુના જમણા અંગૂઠે કુસુમાંજલિ મુકવી)

[૨] ગાથા

(આર્યા ગીતિઃ)

મચકુન્દ-ચંપ-માલઈ--કમલાઈપુપ્ફપંચવણ્ણાઇ;
જગનાહણ્હવણસમયે, દેવા કુસુમાંજલિં દિન્તિ.
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

ઢાળ

રયણ સિંહાસન જિન થાપીજે,
કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે;
કુસુમાંજલિ મેલો શાંતિ જિણંદા.

[૩] દોહા

જિણ તિહુંકાલિય સિદ્ધની પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ ભવિક દુરિત હરનાર. ૭
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

ઢાળ

કૃષ્ણાગરુ વરધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે.
કુજમાંજલિ મેલો નેમિ જિણંદા.

નમિય કહે "માય ! તુજ બાળ લીલાવતી,
મેરુ, રવિ, ચંદ્ર લગે, જીવજો જગપતિ"
સ્વામિગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઈંદ્ર સિંહાસન કંપતી. ૪

ઢાળ

[એક વીસાની દેશી.]

જિન જન્મ્યાજી જિણ વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઈંદ્ર સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી જેતા જિન જનમે યદા,
દિશિનાયકજી સોહમ-ઇશાન બેહુ તદા. ૧

ત્રોટક છંદઃ

તદા ચિંતે ઈંદ્ર મનમાં,–"કોણ અવસર એ બન્યો ?"
જિનજન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઉપન્યો. ૧
સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમેં કરે—
"સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરગિરિવરે." ૨

[અહિં ઘંટ વગાડવો.]

ઢાળ પૂર્વની

એમ સાંભળીજી સુરવર કોડિ આવી મળે,
જન્મ મહોત્સવજી કરવા મેરુ ઉપર ચલે. ૧
સોહમપતિજી બહુ પરિવારે આવીયા,
માય જિનનેજી વાંદી પ્રભુને વધાવીયા. ૨

[અહિં પ્રભુને ચોખાથી વધાવવા.]

ઢાળ

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂં;
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા૦ ૧૪

[૭] દોહા

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ;
ભક્તિભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫
નમોઽર્હત્સિ૦

ઢાળ

અપચ્છરમંડળી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા;
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા૦—

૧૨ કુસુમાંજલિઓ પૂર્ણ થયા પછી—

સ્નાત્રીયાઓએ ત્રણ ખમાસમણ દેઇ જગચિંતામણિનું ચૈત્યવંદન કરી નમુત્થુણં કહી સંપૂર્ણ જય વીયરાય પર્યંત કહેવાનો વિધિ છે. પછી હાથ ધુપી, મુખકોશ બાંધી, કળશ લેઈ, ઉભા રહીને કળશ બોલે.

સ્નાત્રકળશાભિષેક :—

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧

ઢાળ

સમકિત ગુણઠાણે પરિણમ્યા,
ગી વ્રતધર સંયમ સુખ રમ્યા;

સિંહાસન, ચામર ધારી, ધૂપધાણું, રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩

તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪

ઢાળ

(રાગ—ધન્યાશ્રી.)

આતમભક્તે મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઇ.
નારી પ્રેર્યા વળી નિજકુલવટ, ધર્મી ધર્મ સખાઇ,
જોઇસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. આ૦ ૧

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ્સ હુઆ અભિષેકે, અઢીસે ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઇંદ્રતણાં તિહાં બાસઠ, લોકપાલના ચાર. આ૦ ૨

ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો,
ગુરુસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઇશાનપતિની, ઇંદ્રાણીના સોલ,
અસુરની દશ ઇંદ્રાણી, નાગની બાર કરે કલ્લોલ. આ૦ ૩

જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઇશાનઇંદ્ર કહે 'મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો.' આ૦ ૪

ત્રોટક

વધાવી બોલે-"હે રત્નકુખ-ધારિણી તુજ સુતતણો;
હું શક્ર સોહમ નામે,કરશું જન્મ મહોત્સવ અતિઘણો." ૧
એમ કહી, જિન પ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી;
દેવ દેવી નાચે હર્ષ સાચે, સુરગિરિ આવ્યા વહી. ૨

ઢાળ

[પૂર્વની]

મેરુ ઉપરજી પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી બીજા તિહાં આવી મળ્યા. ૩

ત્રોટક

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના;
માગધાદિ જળ તીર્થ ઔષધી, ધૂપ વળી બહુ ભાતિના. ૧
અચ્યુતપતિએ હુકમ કીનો- "સાંભળો દેવા સવે !-
"ખીરજલધિ-ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે."

ઢાળ

[વિવાહલાની દેશી]

સુર સાંભળીને સંચરીઆ, માગધ વરદામે ચલીયા;
પદ્મદ્રહ, ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે. ૧
તીરથ જળ ઔષધિ લેતાં, વળી ખીરસમુદ્રે જાતાં;
જળકળશા બહુલ ભરાવે, ફુલ ચંગેરી થાળા લાવે. ૨

રસ સ્વાદહીન ભિક્ષા,—ગ્રહી ધ્યાન ધારૂં વનમાં;
વિચરૂં હું ઉચ્ચ પંથે; દિન ધન્ય થાશે ક્યારે. ૨
માનું ન કોઈ શત્રુ, સહુ મૈત્રી ભાવે દેખું;
સંવેગ તરંગ ઝીલું, દિન ધન્ય થાશે ક્યારે. ૨
સંભાળી સાધ્ય દૃષ્ટિ, પરહિત નિત્ય સાધું;
નરજન્મ પામ્યો દુર્લભ, બળવાન થશેજ ત્યારે. ૪

મહાવીર સ્વામિનું પારણું

ત્રિશલા માતા પારણું ઝુલાવે; મહાવીર પોઢે રે;
રેશમ દોરે માતા હિંચોળે, મહાવીર પોઢે રે. ૧

મધુર મધુર હાલરડાં ગાતી, અંતર કેરા અમીરસ પાતી;
ત્રિશલા રાણી ગીત સુણાવે, મહાવીર પોઢે રે. ૨

વીર થજે મારા બાળ જગતમાં, ધીર ગંભીર થજે તું જગતમાં,
સ્નેહ થકી તુજ જીવન ભરજે, આ સંસારે રે. ૩

સંસારમાં સુખ કયાંય નથીરે, વેરઝેરથી દુનિયા ભરીરે;
કામક્રોધ મદ માયા ત્યજીને, ભવજલ તરજે રે. ૪

દુઃખ ભરેલા જીવન જગમાં, કરુણ વેદના પામે જીવનમાં;
રાજવૈભવના સુખ ત્યજીને, આંસુ લોહજે રે. ૫

સંસારના સૌ સંબંધ ત્યાગી, દીક્ષા લેઈ થા સંયમરાગી;
મોહનિદ્રામાં સૂતેલા જગને, દેજે જગાડી રે. ૬

ઘર ઘર વન વન ઘૂમી વળજે, અહિંસા પરમો ધર્મ તું રટજે;
જિનશાસનની જ્યોત બનીને, મુકિત વરજે રે. ૭

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે,
મંગલદીવો આરતી કરતાં, સુરવર 'જયજય' બોલે. આ૦ ૫
ભેરી ભૂંગલ તાલ બજાવત, વળીયા જિન કર ધારી,
જનનીઘર માતાને સોંપી, એણી પરે વચન ઉચ્ચારી;
'પુત્ર તમારો, સ્વામિ હમારો, અમ સેવક આધાર,'
પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર. આ૦ ૬
બત્રીશ કોડિ કનકમણિ, માણિક વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;
કરીય અઠ્ઠાઇ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા-કેવલને અભિલાપે, નિત નિત જિન ગુણ ગાવે. આ૦ ૭
તપગચ્છ ઈસર સિંહસૂરીસર કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા;
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રીશુભવિજય સવાયા,
પંડિત વીરવિજય શિષ્યે, જિન જન્મમહોત્સવ ગાયા. આ૦ ૮
ઉત્કૃષ્ટા એકસો ને સીત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાળે, અનંતા તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. આ૦ ૯

ઇતિ શ્રી પંડિત વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા સમાપ્ત.

અહિં કળશાભિષેક કરીએ. પછી દૂધ, દહીં ઘૃત, જલ અને સાકર, એ પંચામૃતનો પખાલ કરીયે. પછી પૂજા કરી

परहितचिन्ता मैत्री,

परदुःखविनाशिनी तथा करुणा।

परसुखतुष्टिर्मुदिता, परदोपोपेक्षणमुपेक्षा॥

અન્ય જીવોના હિતની વિચારણ એ મૈત્રી ભાવના છે.

અન્યનાં દુઃખો ટાળવાની ભાવના એ કરુણા ભાવના છે.

અન્ય જીવો સુખ પામે તેથી સંતોષ પામવો એ પ્રમોદ ભાવના છે.

અને અન્યના દોષોની ઉપેક્ષા કરવી એ માધ્યસ્થ ભાવના છે.

(આ ચારે ભાવનાઓ આત્મહિતનું અદ્ભુત રસાયણ છે.)

शिवमस्तु सर्वजगतः

परहितनिरता भवन्तु भूतगणाः।

दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवतु लोकः॥

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાવ, સર્વે પ્રાણીગણો પરનું હિત કરવાની ભાવનાવાળા બનો, સર્વના સર્વ દોષો નાશ પામો અને સર્વત્ર સમગ્ર લોક સુખી બનો.

પ્રભુની સ્તુતિ

[રત્નાકર પચ્ચીસીમાંથી]

મંદિર છો મુક્તિતણા. માંગલ્યક્રીડાના પ્રભુ,
ને ઈંદ્ર નર ને દેવના, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવતું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળા તણા. ૧

ત્હારાથી ન સમર્થ અન્ય દિનનો, ઉધ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહીં અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળસ્થાન! તો ય મુજને ઇચ્છા ન લક્ષ્મીતણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨



खामेमि सव्वजीवे, सव्वे जीवा खमन्तु मे।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणई ॥

જગતના સર્વ જીવોને હું ખમાઉં છું (તેઓના અપરાધોને હું સહી લઉં છું) સર્વ જીવો મને ખમાવો (એવી પ્રાર્થના કરૂં છું) મારે સર્વની સાથે મૈત્રીભાવ છે. કોઇનીય સાથે મારે વૈર નથી.